સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 15

[APR - 2020]

[05/04/20 to 11/04/20]


સંપાદક

મૌલિક ગોંધિયા

(Director - ICE)



ICE CURRENT NEWS

કરંટ અફેર્સની તૈયારી હવે વધુ સરળ અને ઝડપી બનાવવા આજે જ સબસ્ક્રાઈબ કરો અમારી YouTube ચેનલ

YouTube

ICE RAJKOT

SUBSCRIBE

દરેક નવા વીડિયોના NOTIFICATION માટે BELL icon PRESS કરો.


## CURRENT TOPICS

- અમેરિકામાં 'નાદિયા' નામની વાઘણને કોરોના, બિનપાલતુ પ્રાણીમાં માણસ દ્વારા કોરોના સંક્રમણનો પ્રથમ કેસ અમેરિકામાં નોંધાયો
- કોરોના સામેના જંગમાં સહયોગ માટે ભારતમાં સંસદ સભ્યોના પગારમાં 1 વર્ષ સુધી 30 ટકાનો ઘટાડો
- ભારતે HCQ અથવા તો Hydroxychloroquineની નિકાસ પરનો પ્રતિબંધ હટાવ્યો
- ગુજરાતમાં પ્રથમ વખત APL-1 રેશનકાર્ડ ધરાવતા લોકોને એપ્રિલ મહિનાનું અનાજ વિનામૂલ્યે અપાશે
- ભારતના વિદેશ મંત્રાલયના નવા પ્રવક્તા તરીકે શ્રી અનુરાગ શ્રીવાસ્તવની નિમણૂક
- લોકડાઉન 2.0ની જાહેરાત કરનાર ઓડિશા ભારતનું પ્રથમ રાજ્ય બન્યું


www.ICEONLINE.IN

9375701110/9328001110

અમારી સાથે જોડાયેલા રહો :

Telegram : t.me/icerajkotofficial

Instagram : icerajkot

**5 APRIL, 2020 SUNDAY**

## ➤ દિવસ મહિમા : 5 એપ્રિલ, રાષ્ટ્રીય સમુદ્રી (દરિયાઈ) દિવસ (National Maritime Day)

## ➤ મેડિકલ ઉપકરણના નિર્માણમાં ગુજરાતની વિશિષ્ટ સિદ્ધિ : રાજકોટની જ્યોતિ CNC એ COVID-19ની સારવાર માટે અત્યંત ઉપયોગી વેન્ટીલેટર માત્ર 10 દિવસમાં બનાવ્યું

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

COVID-19 અથવા તો કોરોના મહામારીના વર્તમાન સમયમાં કોવિડ-19 સામે લડવા માટે જરૂરી મેડિકલ ઉપકરણોની ભારે અછત સર્જાઈ છે.

- આ સમયે ગુજરાતમાં <u>રાજકોટની જ્યોતિ CNC</u> નામની કંપનીએ <u>'મેક ઈન ઈન્ડિયા, મેક ઈન ગુજરાત'</u>નું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડયું છે.
- આ અંતર્ગત કોરોના વાઈરસની સારવાર માટે અત્યંત ઉપયોગી <u>વેન્ટીલેટર</u>નું <u>રાજકોટ</u>ની <u>જ્યોતિ CNC</u> નામની કંપનીએ <u>માત્ર 10 દિવસ</u>માં નિર્માણ કર્યું છે.
- કોરોના વાઈરસ COVID-19ના રોગગ્રસ્તોની સારવાર દરમિયાન જો તેમને શ્વાસ લેવામાં તકલીફ પડે તો આ વેન્ટીલેટર શ્વાચ્છોશ્વાસ માટે અત્યંત ઉપયોગી થાય છે.

### ધમણ-1



ગુજરાતના મુખ્યમંત્રી <u>શ્રી વિજયભાઈ રૂપાણી</u>એ <u>અમદાવાદ</u>ની <u>સિવિલ હોસ્પિટલ</u>માં આવેલી <u>કોરોના કોવિડ-19 હોસ્પિટલ</u>માં આ વેન્ટીલેટરનું નિરીક્ષણ કર્યું હતું.

- આ વેન્ટીલેટરને <u>'ધમણ-1'</u> નામ આપવામાં આવ્યું છે.
- આ વેન્ટીલેટરની સૌથી અગત્યની વિશેષતા એ છે કે બજારમાં રૂ. 6 થી 15 લાખની કિંમતમાં મળતા આ વેન્ટીલેટરનું રાજકોટની જ્યોતિ CNC દ્વારા <u>રૂ. 1 લાખ કરતા પણ ઓછી કિંમત</u>માં નિર્માણ કરવામાં આવ્યું છે.
- આ ઉપરાંત રાજકોટની <u>જ્યોતિ CNC</u>એ પોતાનું સામાજિક દાયિત્વ નીભાવતા તેમના મિત્રોના સહયોગથી આ કંપની દ્વારા નિર્માણ થનાર <u>પ્રથમ 1000 વેન્ટીલેટર</u> ગુજરાત સરકારશ્રીને <u>મફત</u> આપવાની જાહેરાત કરી છે.

**નોંધ :** (1) રાજકોટની **જ્યોતિ CNC** કંપનીનું પૂરું નામ **'Jyoti CNC Automation Limited'** છે.

(2) જ્યોતિ CNC દ્વારા **ધમણ-1**ના નિર્માણ બાદ **ધમણ-2** અને **ધમણ-3** રૂપે હાઈવર્ઝન બનાવવાનું ધ્યેય છે.

(3) આ કંપની દ્વારા પ્રતિદિન **10 વેન્ટીલેટર** મશીન બનાવવાની ક્ષમતા છે.

## કોરોના સામેના જંગમાં ઉપયોગી મેડિકલ ઉપકરણોનું ગુજરાતમાં ઉત્પાદન

COVID-19 અથવા તો કોરોના મહામારીના વૈશ્વિક સંકટમાં કોરોના સામેના જંગમાં ઉપયોગી મેડિકલ ઉપકરણોની ભારે અછત સર્જાઈ છે ત્યારે આવા અનેક ઉપકરણોનું ગુજરાતમાં જ ઉત્પાદન થાય છે અને તેની દેશના અન્ય ભાગોમાં નિકાસ પણ કરવામાં આવે છે. જેમ કે,

### PPE Kit

**PPE Kit**નું પૂરું નામ **Personal Protective equipment Kit** છે.



- કોરોના રોગગ્રસ્તોની સારવાર દરમિયાન કોરોના સંક્રમણથી બચવા માટે ડોકટર, નર્સ તથા અન્ય મેડિકલ સ્ટાફ માટે આ કીટ અત્યંત ઉપયોગી છે.
- કોઈ રોગના સંક્રમણથી બચવા માટે શરીરના અંગોને ઢાંકવા માટે મેડિકલ સ્ટાફ જે જે ચીજવસ્તુઓનો ઉપયોગ કરે છે તે તમામનો સમાવેશ **PPE Kit**માં થાય છે.
- સામાન્ય રીતે PPE Kitમાં Gloves, Gowns, Shoe Covers, Head Covers, Masks, Respirators, Eye Protection, Face Shields, Goggles વગેરેનો સમાવેશ થાય છે.
- ગુજરાતમાં નીચેની કંપનીઓ દ્વારા આવી PPE Kitનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે :
  (1) અરવિંદ મિલ્સ લિમિટેડ, સાંતેજ અને
  (2) સ્યોર સેફટી, વડોદરા

### N95 માસ્ક




કોરોના રોગગ્રસ્તોની સારવાર કરતા તબીબો–મેડિકલ સ્ટાફ માટે આ માસ્ક ખૂબ જ ઉપયોગી છે.

- U.S. National Institute for Occupational Safety and Health (NIOSH) Air Filtration Ratingના N95 ધરોણોને આ માસ્ક પૂરા કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- એટલે કે N95 માસ્ક ઓછામાં ઓછા 95% એરબોર્ન કણોને ફિલ્ટર કરે છે.
- ગુજરાતમાં સેલ્યુઝ પ્રોડક્ટસ, ચાંગોદર દ્વારા દૈનિક 25,000 જેટલા N95 માસ્કનું ઉત્પાદન કરવામાં આવે છે.
- આવા માસ્કના ઉત્પાદન માટે IIT કાનપુર પાસેથી ટેક્નોલોજી મેળવવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

1. 'રાષ્ટ્રીય સમુદ્રી દિવસ' (National Maritime Day) તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 3 એપ્રિલ (B) 4 એપ્રિલ (C) 5 એપ્રિલ (D) 6 એપ્રિલ **(C)**

2. તાજેતરમાં ગુજરાતના કયા શહેરમાં માત્ર 10 દિવસમાં રૂ. 1 લાખ કરતા ઓછી કિંમતના વેન્ટીલેટરનું નિર્માણ કરવામાં આવ્યું છે ?
   (A) અમદાવાદ (B) વડોદરા (C) રાજકોટ (D) સુરત **(C)**

3. ગુજરાતની કઈ કંપની દ્વારા માત્ર 10 દિવસમાં રૂ. 1 લાખ કરતા ઓછી કિંમતના વેન્ટીલેટરનું નિર્માણ કરવામાં આવ્યું છે ?
   (A) જ્યોતિ CNC પ્રાઈવેટ લિમિટેડ (B) જ્યોતિ CNC ઓટોમેટિક લિમિટેડ
   (C) જ્યોતિ CNC ઓટોમેટેડ લિમિટેડ (D) જ્યોતિ CNC ઓટોમેશન લિમિટેડ **(D)**

4. રાજકોટની જ્યોતિ CNC દ્વારા નિર્માણ કરવામાં આવેલા રૂ. 1 લાખ કરતા ઓછી કિંમતના વેન્ટીલેટરને શું નામ આપવામાં આવ્યું છે ?
   (A) ભ્રમણ-1 (B) હૃદય-1 (C) દમણ-1 (D) ધમણ-1 **(D)**

5. તાજેતરમાં ચર્ચામાં રહેલ PPE Kitનું પૂરું નામ શું છે ?
   (A) Personal Protection Equipment Kit
   (B) Personal Protective Equipment Kit
   (C) Personal Proactive Equipment Kit
   (D) Personal Productive Equipment Kit **(B)**

6. N95 માસ્ક ઓછામાં ઓછા કેટલા ટકા એરબોર્ન કણોને ફિલ્ટર કરે છે ?
   (A) 100 ટકા (B) 99.99 ટકા (C) 98.90 ટકા (D) 95.00 ટકા **(D)**

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## 6 APRIL, 2020 MONDAY

### ➤ દિવસ મહિમા :

(1) 6 એપ્રિલ, વિકાસ અને શાંતિ માટે આંતરરાષ્ટ્રીય રમતગમત દિવસ (International Day of Sport for Development and Peace)

(2) ચૈત્ર સુદ તેરસ, શ્રી મહાવરી જયંતી

### ➤ કોરોના સામેના જંગમાં સરકારને સહયોગ આપવા ભારતમાં IAS અધિકારીઓ દ્વારા 'કરુણા' પહેલ લોન્ચ

IAS, IPS અને IRS સહિત ભારતના વિવિધ સિવિલ સર્વિસ અધિકારીઓ દ્વારા તાજેતરમાં 'કરુણા' નામથી એક પહેલ શરૂ કરવામાં આવી છે.

- આ પહેલનો મુખ્ય ઉદ્દેશ COVID-19 અથવા તો કોરોના મહામારી સામેની લડતમાં ભારત સરકારના પ્રયાસોને સમર્થન આપવાનો છે.
- IAS, IPS સહિત ભારતના કેન્દ્રીય સિવિલ સર્વિસ અધિકારીઓના સંઘ દ્વારા આ પહેલનો શુભારંભ કરવામાં આવ્યો છે.
- આ પહેલ અંતર્ગત સિવિલ સર્વન્ટ, ઉદ્યોગપતિ, NGOના પ્રોફેશનલ વ્યક્તિઓ અને IT પ્રોફેશનલો દ્વારા સાથે મળીને કોરોના સામેની લડતમાં સરકારને સહયોગ આપવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ➤ ભારતીય રેલવે દ્વારા 'જીવન' નામના ખૂબ જ સસ્તા વેન્ટીલેટરનું નિર્માણ



ભારતીય રેલવે દ્વારા 'જીવન' નામના ખૂબ જ સસ્તા વેન્ટીલેટરનું નિર્માણ કરવામાં આવ્યું છે.

- આ વેન્ટીલેટરની કમ્પ્રેસર વગર કિંમત આશરે રૂ. 10,000 જેટલી છે.
- ભારતના પંજાબમાં આવેલી કપૂરથલા રેલવે કોચ ફેક્ટરીમાં 'જીવન' નામના આ વેન્ટીલેટરનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- કોરોના સામેની લડતમાં સમગ્ર વિશ્વમાં વેન્ટીલેટરની જ્યારે અછત છે ત્યારે આ વેન્ટીલેટર ખૂબ જ ઉપયોગી સાબિત થઈ શકે છે.
- જોકે, આ વેન્ટીલેટરને હજી સુધી ઉપયોગમાં લેવામાં આવ્યું નથી.
- ICMR દ્વારા મંજૂરી મળ્યા બાદ તેને ઉપયોગમાં લઈ શકાશે.
- જો ICMR દ્વારા મંજૂરી મળે તો રેલવે દ્વારા દૈનિક 100 વેન્ટીલેટર બનાવવાની ક્ષમતા છે.

## ICMR

**ICMRનું પૂરું નામ Indian Council of Medical Research છે.**

- **ICMR એ ભારતમાં બાયોમેડિકલ રિસર્ચને પ્રોત્સાહન આપવા માટે તેની રચના અને સંકલન માટેની સર્વોચ્ચ સંસ્થા છે.**
- **તે વિશ્વની સૌથી જૂની તબીબી સંસ્થાઓમાંની એક છે.**
- **આ સંસ્થાને ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે.**
- **તેનું વડું મથક નવી દિલ્હી ખાતે આવેલું છે.**
- **IRFA (Indian Research Fund Association) તરીકે તેની સ્થાપના 1911માં થઈ હતી.**
- **1949માં તેનું નામ બદલીને ICMR કરવામાં આવ્યું હતું.**

INSTITUTE FOR COMPETITIVE EXAMS




SPECIAL ISSUE
360⁰ વિશ્લેષણ
INSTITUTE FOR COMPETITIVE EXAMS
CORONA VIRUS
SP.ISSU
ડાઉનલોડ કરવા
અહીં કલિક કરો
www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

## ➤ NASSCOMના નવા અધ્યક્ષ તરીકે શ્રી પ્રવિણ રાવની નિમણૂક



નાણાકીય વર્ષ 2020-21 માટે નાસ્કોમના નવા અધ્યક્ષ તરીકે ઈન્ફોસિસના COO (Chief Operating Officer) શ્રી પ્રવિણ રાવની નિમણૂક કરવામાં આવી છે.

- નાસ્કોમના નવા અધ્યક્ષ તરીકે શ્રી પ્રવિણ રાવ શ્રી કેશવ મુરુગેશનું સ્થાન લેશે.
- આ ઉપરાંત નાસ્કોમના ઉપાધ્યક્ષ તરીકે સુશ્રી રેખા મેનનની નિમણૂક કરવામાં આવી છે.

### NASSCOM

NASSCOMનું પૂરું નામ National Association of Software and Service Companies છે.

- નાસ્કોમ એ ભારતના IT (Information Technology) અને BPO (Business Process Outsourcing) ઉદ્યોગનું એક વ્યાપારી સંગઠન (Trade Association) છે.
- તેની સ્થાપના 1 માર્ચ 1988ના રોજ થઈ હતી.
- તેનું વડુંમથક નવી દિલ્હી પાસે નોઈડા ખાતે આવેલું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ IIT રુડકી દ્વારા ખૂબ જ સસ્તા 'પ્રાણ વાયુ' નામના પોર્ટેબલ વેન્ટીલેટરનું નિર્માણ

ભારતમાં IIT રુડકી દ્વારા 'પ્રાણ વાયુ' નામના ખૂબ જ સસ્તા પોર્ટેબલ વેન્ટીલેટરનું નિર્માણ કરવામાં આવ્યું છે.

- કોરોના સામેની લડતમાં વેન્ટીલેટરની જ્યારે અછત છે ત્યારે આ વેન્ટીલેટર ખૂબ જ ઉપયોગી સાબિત થઈ શકે છે.
- આ વેન્ટીલેટરની મુખ્ય વિશેષતા એ છે કે આ વેન્ટીલેટરને ખૂબ જ ઓછા સમયમાં અને ખૂબ જ ઓછી કિંમતમાં બનાવી શકાય છે.
- તેનો ઉપયોગ તમામ ઉંમરના લોકો માટે થઈ શકે છે.
- ભારતમાં હાલ જ્યારે રેલવેના 20,000થી વધુ કોચને હોસ્પિટલના બેડ તરીકે પરિવર્તિત કરવામાં આવ્યા છે ત્યારે આવા રેલવે કોચ માટે આ પોર્ટેબલ વેન્ટીલેટર ખૂબ જ ઉપયોગી છે.

## ICE ? Questions


| | | |
|---|---|---|
| 1. | યુનાઈટેડ નેશન્સ દ્વારા 'વિકાસ અને શાંતિ માટે આંતરરાષ્ટ્રીય રમતગમત દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?<br>(A) 4 એપ્રિલ (B) 5 એપ્રિલ (C) 6 એપ્રિલ (D) 7 એપ્રિલ | (C) |
| 2. | ભારતમાં શ્રી મહાવીર જયંતી તરીકે કયો દિવસ ઉજવાય છે ?<br>(A) ચૈત્ર વદ બારસ (B) ચૈત્ર વદ તેરસ<br>(C) ચૈત્ર સુદ બારસ (D) ચૈત્ર સુદ તેરસ | (D) |
| 3. | કોરોના સામેના જંગમાં સરકારને સહયોગ આપવા માટે ભારતમાં IAS, IPS સહિતના સિવિલ સર્વિસ અધિકારીઓના સંઘ દ્વારા કઈ પહેલ લોન્ચ કરવામાં આવી છે ?<br>(A) COVID-19 (B) કરુણા (C) જીવન (D) પ્રાણ વાયુ | (B) |
| 4. | ભારતીય રેલવે દ્વારા તાજેતરમાં નિર્માણ કરવામાં આવેલા ખૂબ જ સસ્તા વેન્ટીલેટરનું નામ શું છે ?<br>(A) સર્જન (B) જીવન (C) સૃષ્ટિ (D) વાયુ | (B) |
| 5. | ભારતીય રેલવેની કઈ રેલવે કોચ ફેક્ટરીમાં 'જીવન' નામના વેન્ટીલેટરનું નિર્માણ કરવામાં આવ્યું છે ?<br>(A) કાનપુર (B) ગોરખપુર (C) કપૂરથલા (D) લખનૌ | (C) |
| 6. | નાસ્કોમ (NASSCOM)ના નવા અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?<br>(A) શ્રી પ્રહલાદ શાહ (B) શ્રી કેશવ મુરુગેશ<br>(C) શ્રી પ્રવિણ રાવ (D) શ્રી પ્રયાગ શાહ | (C) |
| 7. | ભારતની કઈ સંસ્થા દ્વારા 'પ્રાણ વાયુ' નામના ખૂબ જ સસ્તા પોર્ટેબલ વેન્ટીલેટરનું નિર્માણ કરવામાં આવ્યું છે ?<br>(A) IIT રુડકી (B) IIT કાનપુર<br>(C) IIT બેંગાલુરુ (D) IIT મુંબઈ | (A) |
| 8. | IIT રુડકી દ્વારા નિર્માણ કરવામાં આવેલા પોર્ટેબલ વેન્ટીલેટરનું નામ શું છે ?<br>(A) જીવન (B) કરુણા (C) વાયુ (D) પ્રાણ વાયુ | (D) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**7 APRIL, 2020 TUESDAY**

## ➤ દિવસ મહિમા : 7 એપ્રિલ, વિશ્વ આરોગ્ય દિવસ (World Health Day)




સમગ્ર વિશ્વમાં આરોગ્ય અંગે જાગૃતિ લાવવા માટે **World Health Organisation (WHO)** દ્વારા દર વર્ષે **7 એપ્રિલ**ના રોજ **'વિશ્વ આરોગ્ય દિવસ'** અથવા તો **'વિશ્વ સ્વાસ્થ્ય દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.

- સમગ્ર વિશ્વના લોકોના આરોગ્યની દેખરેખ રાખતી વૈશ્વિક સંસ્થા **WHO**ની સ્થાપના **7 એપ્રિલ, 1948**ના રોજ થઈ હતી.
- આથી, આ દિવસની યાદમાં દર વર્ષે **7 એપ્રિલ**ના રોજ 'વિશ્વ આરોગ્ય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- **1948**માં WHOની **પ્રથમ વર્લ્ડ હેલ્થ એસેમ્બલી**માં લેવાયેલા નિર્ણય અનુસાર **ઈ.સ. 1950**થી દર વર્ષે **7 એપ્રિલ**ના રોજ આ દિવસ ઉજવાય છે.

### વર્ષ 2020ની World Health Dayની થીમ

વર્ષ **2020**ની **'World Health Day'**ની થીમ **'Support Nurses and Midwives' (નર્સો અને મિડવાઈફોને સમર્થન)** છે.

- આ અગાઉ વર્ષ **2018 તથા 2019**ની 'વિશ્વ આરોગ્ય દિવસ'ની થીમ **'Universal Health Coverage : Everyone, Everywhere'** હતી.

**નોંધ :** **આધુનિક નર્સિંગના સ્થાપક સુશ્રી ફ્લોરેન્સ નાઈટિંગલ (Florence Nightingale)**ની **200મી** જન્મજયંતીની યાદમાં **WHO** દ્વારા વર્ષ **2020**ને **'International year of Nurse and Midwife'** તરીકે ઉજવવાની જાહેરાત કરવામાં આવી છે.

### WHOના 8 અભિયાન

**WHO** દ્વારા ઓફિસિયલી **8 અભિયાનો**ની જાહેરાત કરવામાં આવી છે.

- WHOના આ આઠ અભિયાનોમાં **'વિશ્વ આરોગ્ય દિવસ'**નો પણ સમાવેશ થઈ જાય છે.
- WHOના આ **આઠ અભિયાનો**ના નામ આ પ્રમાણે છે : **વિશ્વ આરોગ્ય દિવસ, વિશ્વ ક્ષય રોગ દિવસ, વિશ્વ મેલેરિયા દિવસ, વિશ્વ રસીકરણ સપ્તાહ, વિશ્વ એઈડ્સ દિવસ, વિશ્વ રક્તદાન દિવસ, વિશ્વ તમાકુ નિષેધ દિવસ અને વિશ્વ હેપેટાઈટિસ દિવસ.**

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## WHO

**WHOનું પૂરું નામ World Health Organisation છે.**

- WHO એ વિશ્વ સ્તરે આરોગ્યની દેખભાળ રાખતી યુનાઈટેડ નેશન્સની એક વિશેષ એજન્સી છે.
- 7 એપ્રિલ, 1948ના રોજ તેની સ્થાપના થઈ હતી.
- તેનું વડું મથક સ્વિત્ઝર્લેન્ડના જીનેવા ખાતે આવેલું છે.

**નોંધ :** WHOના વર્તમાન (7 એપ્રિલ 2020ની સ્થિતિએ) 8મા અધ્યક્ષ અથવા તો Director General શ્રી ટેડરોસ અધનમ છે.

### ➢ અમેરિકામાં ‘નાદિયા’ નામની વાઘણને કોરોના, બિનપાલતુ પ્રાણીમાં માણસ દ્વારા કોરોના સંક્રમણનો પ્રથમ કેસ અમેરિકામાં નોંધાયો




કોઈ જંગલી અથવા તો બિનપાલતુ પ્રાણીને માણસ દ્વારા કોરોનાનો ચેપ લાગ્યો હોય તેવો વિશ્વનો પ્રથમ કેસ અમેરિકામાં નોંધાયો છે.

- આ અંતર્ગત અમેરિકાના ન્યુયોર્ક શહેરના બ્રોંક્સ નામના ઝૂમાં એક વાઘણનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે.
- આ વાઘણનું નામ ‘નાદિયા’ છે.
- તેનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ તેને વેન્ટીલેટર કેરમાં રાખવામાં આવી છે.
- ન્યુયોર્કના આ બ્રોંક્સ ઝૂમાં ચાર વર્ષની વાઘણ નાદિયા ઉપરાંત અન્ય ત્રણ વાઘ અને સિંહમાં પણ કોરોનાના લક્ષણો જોવા મળ્યા છે. આથી તેમની પણ તપાસ થઈ રહી છે.

**નોંધ :** (1) વાઘણ નાદિયાને 27 માર્ચથી ખાવામાં અરુચિ તથા સૂકી ખાંસી હોવાથી તેનો કોરોના ટેસ્ટ કરવામાં આવ્યો હતો.

(2) વાઘણ નાદિયાને કોઈ ઝૂ કીપરના સંપર્કમાં આવ્યા બાદ કોરોનાનો આ ચેપ લાગ્યો હોવાનું માનવામાં આવે છે.

## ➤ કોરોના સામેના જંગમાં સહયોગ માટે ભારતમાં સંસદ સભ્યોના પગારમાં 1 વર્ષ સુધી 30 ટકાનો ઘટાડો

6 એપ્રિલ 2020ના રોજ ભારતમાં વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**ની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં એક મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

- આ નિર્ણય અનુસાર ભારતમાં **વડાપ્રધાન તથા મંત્રીમંડળના સભ્યો** સહિત **ભારતના તમામ સાંસદોના** પગારમાં **1 વર્ષ** સુધી **30 ટકા**નો ઘટાડો કરવામાં આવ્યો છે.
- ભારતમાં કોરોના સામેના જંગમાં આર્થિક સહાયતા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.
- જોકે, સરકારના નિર્ણય અનુસાર સંસદ સભ્યોના ફકત **બેઝિક પગાર**માં જ આ **30 ટકા**નો કાપ મૂકવામાં આવ્યો છે. તેમને મળતા **અન્ય ભથ્થા** તેમજ **પૂર્વ સંસદ સભ્યોના પેન્શન**માં કોઈ જ ઘટાડો કરવામાં આવ્યો નથી.
- સરકારના આ નિર્ણયના સમર્થનમાં ભારતના **રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ** તથા **રાજ્યપાલો**એ પણ સ્વૈચ્છિક રીતે **એક વર્ષ** સુધી **30 ટકા** પગાર ઓછો લેવાની જાહેરાત કરી છે.
- સરકારના આ નિર્ણયનો અમલ **1 એપ્રિલ, 2020**થી થશે.

**ભારતમાં વિવિધ મહાનુભાવોનો બેઝિક પગાર**

| ક્રમ | હોદ્દો | પ્રતિમાસ પગાર |
|---|---|---|
| 1 | રાષ્ટ્રપતિ | રૂ. 5 લાખ |
| 2 | ઉપરાષ્ટ્રપતિ | રૂ. 4 લાખ |
| 3 | વડાપ્રધાન | રૂ. 2 લાખ |
| 4 | રાજ્યપાલ | રૂ. 3.5 લાખ |
| 5 | સંસદ સભ્યો | રૂ. 1 લાખ |

### 'સંસદ સભ્ય સ્થાનિક ક્ષેત્ર વિકાસ યોજના' 2 વર્ષ માટે સ્થગિત

ભારતમાં સંસદ સભ્યોના પગારમાં 1 વર્ષ માટે 30 ટકાના ઘટાડા ઉપરાંત સ્થાનિક સ્તરે સાંસદોના વિકાસ કામોની જે યોજનાઓ છે તેને અથવા તો **'સંસદ સભ્ય સ્થાનિક ક્ષેત્ર વિકાસ યોજના' (Members of Parliament Local Area Development Scheme -MPLADS)**ને પણ **2 વર્ષ** માટે સસ્પેન્ડ કરવામાં આવી છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ નાણાંનો ઉપયોગ પણ કોરોના સામેની લડત માટે કરવામાં આવશે.
- ભારતમાં આ યોજના અંતર્ગત સંસદ સભ્યને પોતાના મતક્ષેત્રના વિકાસ માટે **એક વર્ષ** માટે વધુમાં વધુ **રૂપિયા 5 કરોડ** આપવામાં આવે છે.
- ભારતમાં આ યોજનાનો પ્રારંભ **23 ડિસેમ્બર, 1993**થી થયો હતો.
- ભારતમાં હવે આ યોજના નાણાકીય વર્ષ **2020-21** અને **2021-22** એમ **બે વર્ષ** માટે સ્થગિત કરવામાં આવી છે.

**નોંધ :** (1) ઉપરોક્ત નિર્ણયના અમલ માટે **'સંસદ સભ્ય પગાર, ભથ્થા અને પેન્શન અધિનિયમ, 1954'**માં **સંશોધન** માટે સરકારે એક **વટહુકમ** પણ બહાર પાડયો છે.

(2) આ વટહુકમ અનુસાર સંસદ સભ્યોના પગારમાં ઘટાડા બાદ પ્રાપ્ત રકમ અને 'સંસદ સભ્ય સ્થાનિક ક્ષેત્ર વિકાસ યોજના'ની રકમ **'ભારતની સંચિત નિધિ' (Consolidated Fund of India)**માં જમા કરાવવામાં આવશે. અને તેનો ઉપયોગ કોરોના સામેની લડાઈમાં કરવામાં આવશે.

## ICE Questions

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'વિશ્વ આરોગ્ય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 5 એપ્રિલ (B) 6 એપ્રિલ (C) 7 એપ્રિલ (D) 8 એપ્રિલ — **(C)**

2. વર્ષ 2020ની 'વિશ્વ આરોગ્ય દિવસ'ની થીમ શું છે ?
   (A) Working together to health
   (B) International Health Security
   (C) Save lives, Make hospitals Safe in emergencies
   (D) Support Nurses and Midwives — **(D)**

3. કઈ સંસ્થાની સ્થાપના 7 એપ્રિલ, 1948ના રોજ થઈ હતી કે જેની યાદમાં દર વર્ષે 7 એપ્રિલના રોજ 'વર્લ્ડ હેલ્થ ડે'ની ઉજવણી કરવામાં આવે છે ?
   (A) UNESCO (B) UNICEF (C) WHO (D) WEF — **(C)**

4. તાજેતરમાં ચર્ચામાં રહેલ WHOના વર્તમાન (7 એપ્રિલ, 2020ની સ્થિતિએ) અધ્યક્ષ કોણ છે ?
   (A) શ્રી એડમંડ હાવર્ડ (B) શ્રી અલ્ડેરો મેરાયો
   (C) શ્રી ટેડરોસ અધનમ (D) શ્રી રોનાલ્ડ મેરાયો — **(C)**

5. તાજેતરમાં વિશ્વમાં સૌપ્રથમ અમેરિકાની કઈ વાઘણનો કોરોનો ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે ?
   (A) નાદિયા (B) નેન્સી (C) લિબર્ટી (D) લ્યુસી — **(A)**

6. અમેરિકાના કયા ઝૂમાં રહેલી વાઘણ 'નાદિયા'નો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે ?
(A) બ્રોન્ટલી ઝૂ, ન્યુયોર્ક (B) બ્રોંકસ ઝૂ, ન્યુયોર્ક
(C) બાર્ટલી ઝૂ, ન્યુયોર્ક (D) બ્રોન્કલી ઝૂ, ન્યુયોર્ક
(B)

7. કોરોના સામેના જંગમાં સહયોગ માટે ભારતમાં સંસદ સભ્યોના પગારમાં 1 વર્ષ સુધી કેટલા ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે ?
(A) 25 (B) 30 (C) 35 (D) 40
(B)

8. કોરોના સામેના જંગમાં સહયોગ માટે ભારતમાં સંસદ સભ્યોના પગારમાં 1 વર્ષ સુધી 30 ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે... સરકારના આ નિર્ણયના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. 1 એપ્રિલ, 2020થી સરકારના આ નિર્ણયનો અમલ થશે.
2. ભારતમાં વડાપ્રધાન, મંત્રીમંડળ સહિત તમામ સંસદ સભ્યોના બેઝિક પગાર ઉપરાંત તેમને મળતા અન્ય ભથ્થા અને પૂર્વ સંસદ સભ્યોના પેન્શમાં આ ઘટાડો કરવામાં આવ્યો છે.
3. સરકારના આ નિર્ણયના સમર્થનમાં ભારતના રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યપાલોએ પણ સ્વૈચ્છિક રીતે 2 વર્ષ સુધી 30 ટકા પગાર ઓછો લેવાની જાહેરાત કરી છે.
(A) 1, 2 (B) 1, 3 (C) 1 (D) ત્રણમાંથી કોઈ નહીં
(C)

9. કોરોના સામેની લડતમાં સહયોગ માટે ભારતમાં સંસદ સભ્ય સાથે સંકળાયેલી કઈ યોજના બે વર્ષ માટે સ્થગિત કરવામાં આવી છે ?
(A) સંસદ સભ્ય સ્થાનિક ક્ષેત્ર સહાય યોજના
(B) સંસદ સભ્ય સ્થાનિક ક્ષેત્ર રોજગાર યોજના
(C) સંસદ સભ્ય સ્થાનિક ક્ષેત્ર વિકાસ યોજના
(D) સંસદ સભ્ય સ્થાનિક ક્ષેત્ર કલ્યાણ યોજના
(C)

10. 'સંસદ સભ્ય સ્થાનિક ક્ષેત્ર વિકાસ યોજના'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. આ યોજનાનો પ્રારંભ 23 ડિસેમ્બર, 1993થી થયો હતો.
2. આ યોજના નાણાકીય વર્ષ 2020-21 અને 2021-22 માટે સ્થગિત કરવામાં આવી છે.
3. આ યોજના અંતર્ગત સંસદ સભ્યને 1 વર્ષ માટે વધુમાં વધુ રૂ. 5 કરોડ આપવામાં આવે છે.
(A) 1, 2, 3 (B) 2, 3 (C) 1, 2 (D) 1, 3
(A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**11. ભારતમાં સંસદ સભ્યોના પગારમાં 1 વર્ષ સુધી 30 ટકા કાપ માટે કયા એકટમાં સંશોધન માટે સરકારે વટહુકમ બહાર પાડયો છે ?**

(A) સંસદ સભ્ય પગાર, ભથ્થા અને પેન્શન અધિનિયમ, 1954
(B) સંસદ સભ્ય પગાર, ભથ્થા અને પેન્શન અધિનિયમ, 1955
(C) સંસદ સભ્ય પગાર, ભથ્થા અને પેન્શન અધિનિયમ, 1956
(D) સંસદ સભ્ય પગાર, ભથ્થા અને પેન્શન અધિનિયમ, 1958

**(A)**

**12. ભારતમાં કોરોના સામેની લડતમાં સહાયતા માટે સંસદ સભ્યોના પગારમાં 30 ટકા ઘટાડા બાદ પ્રાપ્ત રકમ અને 'સંસદ સભ્ય સ્થાનિક ક્ષેત્ર વિકાસ યોજના'ની બે વર્ષની રકમ કયા ફંડમાં જમા કરાવવામાં આવશે ?**

(A) PM CARES Fund
(B) પ્રધાનમંત્રી રાહત ફંડ
(C) પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ફંડ
(D) ભારતની સંચિત નિધિ

**(D)**

## 8 APRIL, 2020 WEDNESDAY

### ➤ દિવસ મહિમા : ચૈત્ર સુદ પૂનમ, શ્રી હનુમાન જયંતી

### ➤ ભારતે HCQ અથવા તો Hydroxychloroquineની નિકાસ પરનો પ્રતિબંધ હટાવ્યો

7 એપ્રિલ 2020ના રોજ ભારતમાં કેન્દ્ર સરકારે HCQ અથવા તો હાઈડ્રોક્સીક્લોરોક્વીન (Hydroxychloroquine) નામની દવાની નિકાસ પરનો પ્રતિબંધ હટાવી લીધો છે.

- આથી, હવે ભારતમાંથી HCQ સહિત કેટલીક અન્ય દવાઓની પણ નિકાસ કરી શકાશે.
- હાઈડ્રોક્સીક્લોરોક્વીન મેલેરિયાની સારવાર માટે ઉપયોગી દવા છે.
- તાજેતરમાં કોરોનાથી સંક્રમિત દર્દીની સારવારમાં પણ આ દવા કેટલેક અંશે ઉપયોગી સાબિત થઈ હતી.
- આથી, 25 માર્ચ 2020ના રોજ ભારતમાં આ દવાનો પ્રતિબંધિત દવાઓની યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.
- અને 4 એપ્રિલ 2020થી આ દવાની નિકાસ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.
- જોકે, કોરોના મહામારીના વૈશ્વિક સંકટમાં અમેરિકા સહિત અનેક દેશોએ ભારત પાસેથી આ દવાની માંગ કરી હતી.
- આથી, ભારતે મહામારીના આ વૈશ્વિક સંકટમાં માનવતાને ધોરણે આ દવાની નિકાસની છૂટ આપી છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- સરકારના આ નિર્ણય અનુસાર દવાઓ માટે **ભારત પર નિર્ભર રહેતા ભારતના પાડોશી દેશોને** પેરાસિટામોલ અને હાઈડ્રોક્સીક્લોરોક્વીનની યોગ્ય માત્રામાં નિકાસ કરવામાં આવશે.
- આ ઉપરાંત **કોરોના મહામારીથી વિશેષ રીતે પ્રભાવિત થયેલા દેશો**માં પણ આ દવાની નિકાસ કરવામાં આવશે.
- કેન્દ્ર સરકારના જણાવ્યા અનુસાર ભારતમાં HCQ સહિતની અન્ય દવાઓ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે. અને ભારતની સ્થાનિક જરૂરિયાત અને દવાના ઉપલબ્ધ સ્ટોકને આધારે જ તેની નિકાસની મંજૂરી આપવામાં આવશે.

## HCQ

**HCQ**નું પૂરું નામ **Hydroxychloroquine** છે.

- હાઈડ્રોક્સીક્લોરોક્વીન એ **મેલેરિયા વિરોધી** દવા છે. મેલેરિયાની સારવાર માટે તેનો ઉપયોગ થાય છે.
- **મેલેરિયા** ઉપરાંત **રુમેટાઈડ આર્થરાઈટીસ** અને **લૂપસ** જેવી કેટલીક અન્ય બીમારીઓમાં પણ તેનો ઉપયોગ થાય છે.
- **HCQ** એ **Chloroquine**નું એક **સંયોજન** છે, જે Chloroquine કરતાં ઓછું ઝેરી હોય છે.
- ભારતમાં **મહારાષ્ટ્રના મુંબઈ** ખાતે આવેલી **Ipca Laboratories**માં આ દવાનું મોટા પાયે ઉત્પાદન કરવામાં આવે છે.
- ભારતીય બજારમાં ઉપલબ્ધ આ દવાઓમાંથી આશરે **82 ટકા** HCQ ઈપ્કા લેબોરેટરીમાંથી બનેલી હોય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન ભારતમાં NHAI દ્વારા અત્યાર સુધીમાં સૌથી વધુ નેશનલ હાઈવેનું નિર્માણ

**National Highways Authority of India (NHAI)** દ્વારા નાણાકીય વર્ષ **2019-20** દરમિયાન ભારતમાં કુલ **3979 કિલોમીટર**ના **નેશનલ હાઈવે**નું કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું છે.




- NHAI દ્વારા ભારતમાં કોઈ એક નાણાકીય વર્ષમાં સૌથી વધુ **3979 કિલોમીટર**ના નેશનલ હાઈવેનું નિર્માણ થયું હોય એવી આ **પ્રથમ** ઘટના છે.
- NHAIની સ્થાપના બાદ અત્યાર સુધીમાં ભારતમાં નાણાકીય વર્ષ **2019-20** સિવાયના એકપણ નાણાકીય વર્ષમાં **3979 કે તેથી વધુ** કિલોમીટરના નેશનલ હાઈવેનું નિર્માણ થયું નથી.

- ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા ભારતમાલા યોજના અંતર્ગત નેશનલ હાઈવેનું નિર્માણ કરવામાં આવે છે.
- ભારત સરકારના માર્ગ પરિવહન અને હાઈવે મંત્રાલય દ્વારા વર્ષ **2017-18** દરમિયાન ભારતમાલા યોજનાનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

## ICE Questions

1. ભારતમાં હનુમાન જયંતી તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) ચૈત્ર વદ પૂનમ (B) ચૈત્ર સુદ પૂનમ
   (C) ચૈત્ર વદ ચૌદસ (D) ચૈત્ર સુદ ચૌદસ **(B)**

2. 7 એપ્રિલ 2020ના રોજ ભારતે કઈ દવાની નિકાસ પરનો પ્રતિબંધ હટાવ્યો છે ?
   (A) હાઈડ્રોક્સીક્લોરાઈન (B) હાઈડ્રોક્સીક્લોરોનાઈન
   (C) હાઈડ્રોક્સીક્લોરોક્વીન (D) હાઈડ્રોક્સીક્લોરોસાઈટ **(C)**

3. ભારતે હાઈડ્રોક્સીક્લોરોક્વીનની નિકાસ પરનો પ્રતિબંધ હટાવી લીધો છે આ દવા કયા રોગની સારવાર માટે ઉપયોગી છે ?
   (A) મેલેરિયા (B) રુમેટાઈડ આર્થરાઈટીસ
   (C) લૂપસ (D) ઉપરોક્ત ત્રણેય **(D)**

4. તાજેતરમાં ચર્ચામાં રહેલ હાઈડ્રોક્સીક્લોરોકવીનના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
   1. તે ક્લોરોક્વીનનું એક સંયોજન છે.
   2. ભારતમાં મુંબઈની ઈપ્કા લેબોરેટરીઝમાં તેનું મોટા પ્રમાણમાં ઉત્પાદન થાય છે.
   3. પાકિસ્તાનના વડાપ્રધાનની વિનંતીથી ભારતે પાકિસ્તાનને આ દવા બનાવવાની ફોર્મ્યુલા આપી છે.

   (A) 1, 2, 3 (B) 1, 2 (C) ફક્ત 1 (D) ફક્ત 2 **(B)**

5. નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) દ્વારા તેની સ્થાપના બાદ ભારતમાં અત્યાર સુધીમાં કયા એક નાણાકીય વર્ષમાં સૌથી વધુ કિલોમીટરના નેશનલ હાઈવેનું નિર્માણ કરવામાં આવ્યું છે ?
   (A) 2020-21 (B) 2019-20 (C) 2018-19 (D) 2017-18 **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

6. નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) દ્વારા ભારતમાં નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન કેટલા કિલોમીટરના નેશનલ હાઈવેનું નિર્માણ કરવામાં આવ્યું છે ?

(A) 3679 (B) 3779 (C) 3879 (D) 3979 **(D)**

7. ભારતમાં કેન્દ્ર સરકારની કઈ યોજના અંતર્ગત નેશનલ હાઈવેનું નિર્માણ કરવામાં આવે છે ?

(A) સાગરમાલા યોજના (B) ભારતમાલા યોજના

(C) શહેરમાલા યોજના (D) આંતરરાજ્ય યોજના **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## 9 APRIL, 2020 THURSDAY

## ➤ પ્રાઈવેટ લેબોરેટરીમાં પણ કોરોનાનો ટેસ્ટ મફતમાં કરવા સુપ્રીમ કોર્ટનો સરકારને આદેશ

ભારતમાં સરકારી ઉપરાંત ખાનગી લેબોરેટરીમાં પણ કોરોનાનો ટેસ્ટ વિનામૂલ્યે થઈ શકે એવી વ્યવસ્થા ગોઠવવાનો સુપ્રીમકોર્ટે કેન્દ્ર સરકારને આદેશ આપ્યો છે.

### કોની અરજીના સંદર્ભમાં સુપ્રીમ કોર્ટે આ ચુકાદો આપ્યો છે ?

સિનિયર એડવોકેટ શશાંક દેવ સોઢીએ પ્રાઈવેટ લેબોરેટરીમાં કોરોનાની તપાસ ફીમાં થવી જોઈએ એ અંગેની સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી.

- આથી, સિનિયર એડવોકેટ શશાંક દેવ સોઢીએ કરેલી PIL (Public Interest Litigation)ની સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટે આ આદેશ આપ્યો છે.

### સુપ્રીમ કોર્ટની કઈ બેન્ચે આ આદેશ આપ્યો છે ?

સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ શ્રી અશોક ભૂષણ અને શ્રી એસ. રવીન્દ્ર ભટ્ટની બેન્ચે આ ચુકાદો આપ્યો છે.

### સુપ્રીમ કોર્ટના આ ચુકાદાનું મહત્વ

હાલ લોકડાઉનને કારણે ભારતમાં જ્યારે મોટાભાગના લોકોના ધંધા–વ્યવસાય–રોજગાર બંધ છે ત્યારે સુપ્રીમ કોર્ટના આ નિર્ણયથી દેશના મધ્યમવર્ગના લોકોને રાહત થશે.

- તેમને કોરોનાના ટેસ્ટ માટે આશરે રૂ. 4 થી 5 હજારના ખર્ચમાંથી મુક્તિ મળશે.

## ➤ ગુજરાતમાં પ્રથમ વખત APL-1 રેશનકાર્ડ ધરાવતા લોકોને એપ્રિલ મહિનાનું અનાજ વિનામૂલ્યે અપાશે



COVID-19 અથવા તો કોરોના મહામારીના સંકટમાં ગુજરાતના મધ્યમવર્ગીય પરિવારોને રાહત મળી રહે તે માટે ગુજરાત સરકારે એક અભૂતપૂર્વ નિર્ણય કર્યો છે.

- સરકારના આ નિર્ણય અનુસાર ગુજરાતમાં પ્રથમ વખત APL-1 રેશનકાર્ડ ધરાવતા લોકોને એપ્રિલ મહિનાનું અનાજ વિનામૂલ્યે આપવામાં આવશે.
- સરકારના આ નિર્ણયથી ગુજરાતના 60 લાખથી વધુ મધ્યમવર્ગીય પરિવારોને લાભ થશે.

## કેટલું રાશન વિનામૂલ્યે મળશે ?

ગુજરાત સરકારે કરેલા નિર્ણય અનુસાર એપ્રિલ માસ માટે APL-1 કાર્ડ ધારકોને નીચે પ્રમાણેનું અનાજ વિનામૂલ્યે આપવામાં આવશે.

| ક્રમ | અનાજ | વજન |
|---|---|---|
| 1 | ઘઉં | 10 કિલોગ્રામ |
| 2 | ચોખા | 3 કિલોગ્રામ |
| 3 | દાળ | 1 કિલોગ્રામ |
| 4 | ખાંડ,મીઠું | 1/1 કિલોગ્રામ |

ગુજરાત સરકાર દ્વારા આ અગાઉ ગુજરાતના ગરીબ પરિવારોની સહાયતા માટે AAY અને BPL રેશનકાર્ડ ધરાવતા પરિવારોને એપ્રિલ મહિનાનું અનાજ વિનામૂલ્યે આપવામાં આવ્યું હતું.

- હવે ગુજરાતના મધ્યમવર્ગીય પરિવારોને રાહત આપવા APL-1 કાર્ડ ધારકોને પણ એપ્રિલ માસનું અનાજ વિનામૂલ્યે આપવામાં આવી રહ્યું છે.

**નોંધ :** (1) APL કાર્ડનું પૂરું નામ Above Poverty Line Ration Card છે.
(2) BPL કાર્ડનું પૂરું નામ Below Poverty Line Ration Card છે.
(3) AAY કાર્ડનું પૂરું નામ Antyodaya Ration Card છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતમાં રેશન કાર્ડ

રેશનકાર્ડ એ ભારતમાં રાજ્ય સરકારો દ્વારા આપવામાં આવતો એક સત્તાવાર દસ્તાવેજ છે.

- જેના દ્વારા જે તે પરિવારને સરકારની જાહેર વિતરણ વ્યવસ્થા દ્વારા સબસિડીવાળું અનાજ ખરીદવાની પાત્રતા મળે છે.
- આ ઉપરાંત તે ભારતના નાગરિકોની ઓળખ માટે પણ ઉપયોગી થાય છે.

## ભારતમાં રેશન કાર્ડના પ્રકાર

ભારતમાં નાગરિકોને મુખ્યત્વે ત્રણ પ્રકારના રેશન કાર્ડ આપવામાં આવે છે :

(1) Antyodaya (AAY) Card
(2) Below Poverty Line (BPL) Card
(3) Above Poverty Line (APL) Card

જેમાં ભારતમાં 'ગરીબોમાંથી સૌથી ગરીબ' (Poorest of Poor) પરિવારને અંત્યોદય (AAY) રેશન કાર્ડ આપવામાં આવે છે.

- જ્યારે ભારતમાં ગરીબી રેખા નીચે જીવતા પરિવારોને BPL રેશન કાર્ડ અને ભારતમાં ગરીબી રેખાથી ઉપર જીવતા પરિવારોને APL કાર્ડ આપવામાં આવે છે.

**ભારતમાં રેશનકાર્ડના કલર**

| ક્રમ | રેશનકાર્ડ | કલર |
|---|---|---|
| 1 | AAY | Red |
| 2 | BPL | Yellow |
| 3 | APL | White |

**નોંધ :** National Food Security Act, 2013 અમલમાં આવ્યો એ અગાઉ ભારતમાં ઉપરોક્ત ત્રણ પ્રકારના રેશનકાર્ડ હતા.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## National Food Security Act (NFSA), 2013

ભારતમાં રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ, 2013 (National Food Security Act, 2013) અંતર્ગત નીચેના રેશનકાર્ડ ધારકોને સબસિડીવાળું અનાજ ઉપલબ્ધ કરાવવામાં આવે છે :

(1) Antyoday (AAY) Ration Card

(2) Priority Ration Card અથવા તો Priority Households (PHH) Ration Card

(3) Non-National Food Security Act (Non-NFSA) Ration Card

National Food Security Act, 2013 અંતર્ગત ભારતમાં ઉપરોકત કાર્ડ ધારકોને નીચે પ્રમાણેના રાહતના દરે સબસિડીવાળું અનાજ આપવામાં આવે છે.

| ક્રમ | કાર્ડ | માસિક અનાજ | ભાવ |
|---|---|---|---|
| 1 | AAY (અંત્યોદય) કાર્ડ | 35 Kg ચોખા | રૂ. 3 પ્રતિ કિલોગ્રામ |
| 2 | PHH કાર્ડ | 5 Kg ચોખા | રૂ. 3 પ્રતિ કિલોગ્રામ |
| | | 3 Kg ચોખા | રૂ. 15 પ્રતિ કિલોગ્રામ |
| 3 | Non-NFSA કાર્ડ | 8 Kg ચોખા | રૂ. 15 પ્રતિ કિલોગ્રામ |

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**નોંધ : (1)** ગુજરાત સરકાર દ્વારા કોરોના લોકડાઉન દરમિયાન AAY અને PHH ઉપરાંત જેમનો Non-NFSA કાર્ડમાં સમાવેશ થાય છે તેવા APL-1 કાર્ડધારકોને પણ એપ્રિલ માસનું રાશન વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે.

**(2)** આ ઉપરાંત બહારના રાજ્યોમાંથી રોજગાર અર્થે ગુજરાતમાં આવીને વસેલા એવા શ્રમિકો કે જેમની પાસે રેશનકાર્ડ નથી તેમને ગુજરાત સરકાર દ્વારા 'અન્નબ્રહ્મ યોજના' અંતર્ગત એપ્રિલ માસનું રાશન વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે.

**(3)** આમ, કોરોના લોકડાઉન દરમિયાન ગુજરાત સરકાર દ્વારા જરૂરતમંદ તમામ વ્યક્તિઓને એપ્રિલ મહિના માટે એક મહિનાનું રાશન વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે.

## ICE Questions

**1.** સુપ્રીમકોર્ટના કયા ન્યાયાધીશની બેન્ચે ભારતમાં પ્રાઈવેટ લેબોરેટરીમાં પણ કોરોનાનો ટેસ્ટ વિનામૂલ્યે થઈ શકે એવી વ્યવસ્થા કરવા કેન્દ્ર સરકારને આદેશ આપ્યો છે ?

(A) જસ્ટિસ અશોક ભૂષણ અને જસ્ટિસ આર. રવીન્દ્ર ભટ્ટ
(B) જસ્ટિસ અશોક ભૂષણ અને જસ્ટિસ એસ. રવીન્દ્ર ભટ્ટ
(C) જસ્ટિસ અશોક ભૂષણ અને જસ્ટિસ એમ. રવીન્દ્ર ભટ્ટ
(D) જસ્ટિસ અશોક ભૂષણ અને જસ્ટિસ એન. રવીન્દ્ર ભટ્ટ **(B)**

**2.** કોરોના મહામારી દરમિયાન ગુજરાત સરકાર દ્વારા કયા રેશન કાર્ડ ધરાવતા લોકોને એપ્રિલ માસનું રાશન વિનામૂલ્યે આપવામાં આવ્યું છે ?

(A) AAY અને PHH (B) BPL અને APL-1
(C) Non-NFSA BPL અને APL-1 (D) ઉપરોક્ત તમામ **(D)**

**3.** એપ્રિલ 2020 દરમિયાન ગુજરાત સરકાર દ્વારા ગુજરાતમાં APL-1 કાર્ડ ધારકોને એક મહિનાનું અનાજ વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે...આ સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?

1. ગુજરાતમાં સૌપ્રથમ વખત APL-1 કાર્ડ ધારકોને વિનામૂલ્યે અનાજ ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે.
2. તેમને 10 કિલોગ્રામ ઘઉં, 3 કિલોગ્રામ ચોખા, 1 કિલોગ્રામ દાળ અને 1 કિલોગ્રામ ખાંડ તથા 1 મીઠું વિનામૂલ્યે આપવામાં આવ્યા છે.

(A) 1 અને 2 (B) ફક્ત 1
(C) ફક્ત 2 (D) બેમાંથી એકપણ નહીં **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. ગુજરાતમાં બહારના રાજ્યમાંથી રોજીરોટી માટે વસેલા શ્રમિકોને તેમની પાસે રેશનકાર્ડ ન હોય તો પણ તેમને ગુજરાત સરકાર દ્વારા કઈ યોજના અંતર્ગત એપ્રિલ માસનું રાશન વિનામૂલ્યે આપવામાં આવ્યું છે ?
(A) અંત્યોદય યોજના (B) અન્નપૂર્ણા યોજના
(C) અન્નબ્રહ્મ યોજના (D) મુખ્યમંત્રી શ્રમિક યોજના **(C)**

5. ભારતમાં કયા એક્ટ અંતર્ગત જાહેર વિતરણ વ્યવસ્થા દ્વારા રેશનકાર્ડ ધારકોને સબસિડીવાળું અનાજ આપવામાં આવે છે ?
(A) National Food Security Act, 2003
(B) National Food Security Act, 2007
(C) National Food Security Act, 2011
(D) National Food Security Act, 2013 **(D)**

6. ભારતમાં અંત્યોદય (AAY) રેશન કાર્ડ કયા કલરનું હોય છે ?
(A) સફેદ (B) લાલ (C) પીળા (D) વાદળી **(B)**

7. ભારતમાં અંત્યોદય કાર્ડ ધારકોને દર મહિને રૂ. 3 પ્રતિ કિલોગ્રામ ભાવથી કેટલા કિલોગ્રામ અનાજ અથવા તો ચોખા આપવામાં આવે છે ?
(A) 8 (B) 15 (C) 30 (D) 35 **(D)**

8. કોરોના મહામારી દરમિયાન ગુજરાત સરકાર દ્વારા રેશનકાર્ડ ધારકોને કયા મહિનાનું અનાજ વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે ?
(A) માર્ચ (B) એપ્રિલ (C) મે (D)માર્ચ અને એપ્રિલ **(B)**

9. ભારતમાં ગરીબોમાંથી સૌથી ગરીબ વ્યક્તિઓને કયું રેશનકાર્ડ આપવામાં આવે છે ?
(A) AAY (B) PHH (C) BPL (D) ત્રણમાંથી કોઈ નહીં **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 10 APRIL, 2020 FRIDAY


## ➤ દિવસ મહિમા : 10 એપ્રિલ, વિશ્વ હોમિયોપેથી દિવસ

સમગ્ર વિશ્વમાં દર વર્ષે **10 એપ્રિલ**ના રોજ **'વિશ્વ હોમિયોપેથી દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.

- જર્મનીના **ડો. ક્રિશ્ચિયન ફ્રેડરિક સેમ્યુઅલ હાનેમને** **1796**માં **હોમિયોપેથી** નામની **નવી ચિકિત્સા પદ્ધતિ** વિકસાવી હતી.
- આથી, તેની યાદમાં તેમનો જન્મદિન **10 એપ્રિલ** 'વિશ્વ હોમિયોપેથી દિવસ' તરીકે ઉજવાય છે.

**નોંધ :** ડો. ક્રિશ્ચિયન ફ્રેડરિક સેમ્યુઅલ હાનેમનનો જન્મ 10 એપ્રિલ, 1755ના રોજ જર્મનીમાં થયો હતો.

## ➤ Wisden Cricketer's Almanack 2020




ક્રિકેટના બાઈબલ તરીકે પ્રસિદ્ધ મેગેઝિન 'વિઝડન' દ્વારા વર્ષ 2020ના ક્રિકેટ એવોર્ડની જાહેરાત કરવામાં આવી છે.

- આ અંતર્ગત ઈંગ્લેન્ડના શ્રી બેન સ્ટોક્સને 'લિડિંગ ક્રિકેટર ઈન ધ વર્લ્ડ' એવોર્ડ એનાયત થયો છે.
- આ સાથે જ ભારતના શ્રી વિરાટ કોહલીની ત્રણ વર્ષની બાદશાહતનો અંત આવી ગયો છે.
- કેમ કે આ અગાઉ સતત છેલ્લા ત્રણ વર્ષ ભારતના શ્રી વિરાટ કોહલીને આ એવોર્ડ એનાયત થયો હતો.
- આ ઉપરાંત ઓસ્ટ્રેલિયાના મહિલા ક્રિકેટર સુશ્રી એલિસ પેરીને વિઝડનનો 'વુમેન્સ લિડિંગ ક્રિકેટર ઈન ધ વર્લ્ડ' એવોર્ડ એનાયત થયો છે.
- આ અગાઉ વર્ષ 2019માં ભારતના સુશ્રી સ્મૃતિ માંધાનાને આ એવોર્ડ એનાયત થયો હતો.

### વર્ષ 2019માં શ્રેષ્ઠ દેખાવ કરનાર 5 ખેલાડી

વિઝડન દ્વારા વર્ષ 2019માં શ્રેષ્ઠ દેખાવ કરનાર 5 ખેલાડીઓની જાહેરાત કરવામાં આવી છે.

- તેમાં શ્રી જોફ્રા આર્ચર (ઈંગ્લેન્ડ), શ્રી પેટ કમિન્સ (ઓસ્ટ્રેલિયા), શ્રી લાબુર્શેન (ઓસ્ટ્રેલિયા), સુશ્રી એલિસ પેરી (ઓસ્ટ્રેલિયા) અને શ્રી સિમોન હાર્મર (સાઉથ આફ્રિકા)નો સમાવેશ થાય છે.
- 'વિઝડન ક્રિકેટર્સ ઓફ ધ યર' એવોર્ડ માટે દર વર્ષે પાંચ ક્રિકેટરની પસંદગી કરવામાં આવે છે.
- જેમાં આ અગાઉ વર્ષ 2019માં ભારતના શ્રી વિરાટ કોહલીની પસંદગી કરવામાં આવી હતી.
- જોકે, વર્ષ 2020માં જાહેર થયેલા 5 ક્રિકેટરોમાં ભારતના એકપણ ક્રિકેટરનો સમાવેશ થયો નથી.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ વાઈલ્ડ લાઈફમાં રેરેસ્ટ ઓફ ધ રેર ઘટના, જૂનાગઢના સક્કરબાગ ઝૂમાં એક સિંહણે એક સાથે 6 બચ્ચાંને જન્મ આપ્યો

8 એપ્રિલ 2020ના રોજ ગુજરાતમાં **જૂનાગઢ** ખાતે આવેલા **સક્કરબાગ ઝૂ**માં એક સિંહણે **એક સાથે 6 બચ્ચાંને** જન્મ આપ્યો છે.

- વાઈલ્ડ લાઈફમાં આ ઘટનાને રેરેસ્ટ ઓફ ધ રેર કહી શકાય તેવી ઘટના છે.
- કેમ કે કોઈ સિંહણ દ્વારા એક જ સાથે 6 બચ્ચાંને જન્મ આપવામાં આવ્યો હોય એવી ઘટના ભાગ્યે જ જોવા મળે છે.
- જૂનાગઢના સક્કરબાગ ઝૂમાં **D-1** તરીકે ઓળખાતી એક સિંહણે **ત્રાકુડા** નામના નર સિંહ થકી એક સાથે 6 બચ્ચાંને જન્મ આપ્યો છે.
- આ ઉપરાંત 8 એપ્રિલ 2020ના રોજ જૂનાગઢના સક્કરબાગ ઝૂમાં અન્ય એક સિંહણે પણ બે બચ્ચાંને જન્મ આપ્યો હતો.
- આથી, સક્કરબાગ ઝૂમાં એક જ દિવસે 8 સિંહ બાળનો જન્મ થયો છે.

**નોંધ :** જૂનાગઢના સક્કરબાગ ઝૂમાં 1 થી 8 એપ્રિલ 2020 સુધીમાં કુલ 17 બચ્ચાંનો જન્મ થયો છે.

## ➤ સુરતની સહજાનંદ ટેક્નોલોજી દ્વારા સૌથી સસ્તા અને નાના માત્ર સાત કિલો વજનના સ્વદેશી વેન્ટીલેટરનું નિર્માણ

કોરોના સામેની લડાઈમાં વિશ્વભરમાં વેન્ટીલેટરની ભારે અછત છે અને કોરોના સંક્રમિત દેશોમાં વેન્ટીલેટરની ભારે માંગ છે ત્યારે **ગુજરાત**માં **સુરત**ની **સહજાનંદ ટેક્નોલોજી** દ્વારા એક **સ્વદેશી વેન્ટીલેટરનું** નિર્માણ કરવામાં આવ્યું છે.

- **સુરત**ની **સહજાનંદ ટેક્નોલોજીસ પ્રાઈવેટ લિમિટેડ** નામની કંપની દ્વારા નિર્માણ કરવામાં આવેલા આ સ્વદેશી વેન્ટીલેટરની મુખ્ય વિશેષતા એ છે કે, આ વેન્ટીલેટર **સૌથી સસ્તું** અને **સૌથી નાનું** વેન્ટીલેટર હોવાનું કહેવાય છે.
- તેનું વજન ફક્ત **7 કિલોગ્રામ** છે.
- અને તેને માત્ર **રૂ. 50 હજાર**માં તૈયાર કરવામાં આવ્યું છે.
- આ ઉપરાંત ઈન બિલ્ટ બેટરી ધરાવતું આ વેન્ટીલેટર ઈલેક્ટ્રિસિટી ન હોય તો પણ **6 કલાક** સુધી કામ આપે છે.

**નોંધ :** (1) સુરતના સાંસદ **શ્રી સી. આર. પાટિલ**ની ઉપસ્થિતિમાં **સુરત**ની **સિવિલ હોસ્પિટલ**માં આ સ્વદેશી વેન્ટીલેટરનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

(2) સરકારની પરવાનગી મળ્યા બાદ પ્રતિદિન **250** વેન્ટીલેટરનું ઉત્પાદન કરવાની સહજાનંદ ટેક્નોલોજી ક્ષમતા ધરાવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➢ કોરોના સામેની લડતમાં સહયોગ માટે ગુજરાતના તમામ ધારાસભ્યોના પગારમાં 30 ટકા કાપ

કોરોના સામેની લડતમાં આર્થિક સહયોગ મળી રહે તે માટે ગુજરાત સરકાર દ્વારા બે અગત્યના નિર્ણયો કરવામાં આવ્યા છે.

- આ અંતર્ગત ગુજરાત સરકાર દ્વારા ગુજરાતના મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી અને મંત્રીમંડળના સભ્યો સહિત ગુજરાતના તમામ ધારાસભ્યોના પગારમાં 30 ટકાનો કાપ મૂકવામાં આવ્યો છે.
- ગુજરાતમાં 1 એપ્રિલ 2020થી 31 માર્ચ 2021 સુધીના 1 વર્ષ માટે ધારાસભ્યોના પગારમાં આ 30 ટકાનો કાપ મૂકવામાં આવ્યો છે.
- આ નાણાંનો ઉપયોગ કોરોનાની મહામારી સામે લડવાના ખર્ચમાં થશે.
- આ ઉપરાંત ગુજરાત સરકારે ધારાસભ્યોને મળતી MLA લેડ ગ્રાન્ટ પણ એક વર્ષ સુધી એટલે કે 31 માર્ચ 2021 સુધી કોરોના સામે પ્રજાના હિતમાં થનારા ખર્ચ માટે વાપરવામાં આવશે એવી જાહેરાત કરી છે.
- ગુજરાતમાં તમામ ધારાસભ્યોને 1.5 કરોડની MLA લેડ ગ્રાન્ટ આપવામાં આવે છે. આ ગ્રાન્ટનો ઉપયોગ હવે કોરોના મહામારી સામે લડવા માટે થશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ICE Questions

1. ‘વિશ્વ હોમિયોપેથી દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 8 એપ્રિલ (B) 9 એપ્રિલ (C) 10 એપ્રિલ (D) 11 એપ્રિલ — (C)

2. હોમિયોપેથી નામની નવી ચિકિત્સા પદ્ધતિની શોધ કોણે કરી હતી ?
(A) સેમ્યુઅલ હાનેમન (B) જ્યોર્જ બર્નાર્ડ
(C) સેમ્યુઅલ જોન્સ (D) જ્યોર્જ વ્હીલર — (A)

3. તાજેતરમાં વિઝડન દ્વારા કયા ક્રિકેટરને વર્ષ 2020નો ‘લિડિંગ ક્રિકેટર ઈન ધ વર્લ્ડ’ એવોર્ડ એનાયત થયો છે ?
(A) શ્રી પેટ કમિન્સ (B) શ્રી સિમોન હાર્મર
(C) શ્રી લાબુર્શેન (D) શ્રી બેન સ્ટોક્સ — (D)

4. ક્રિકેટના બાઈબલ તરીકે પ્રસિદ્ધ મેગેઝિન વિઝડન દ્વારા કયા મહિલા ક્રિકેટરને વર્ષ 2020નો ‘વુમેન્સ લિડિંગ ક્રિકેટર ઈન ધ વર્લ્ડ’ એવોર્ડ એનાયત થયો છે ?
(A) સુશ્રી સ્મૃતિ માંધાના (B) સુશ્રી એલિસ પેરી
(C) સુશ્રી સારા જેમ્સ (D) સુશ્રી એલિસા હિલી — (B)

5. ગુજરાતના કયા શહેરમાં આવેલા પ્રાણીસંગ્રહાલયમાં એક સિંહણે એક સાથે છ બચ્ચાંને જન્મ આપ્યો છે ?
(A) અમદાવાદ (B) રાજકોટ (C) વડોદરા (D) જૂનાગઢ **(D)**

6. ગુજરાતના કયા ઝૂમાં એક સિંહણે એક સાથે છ બચ્ચાંને જન્મ આપ્યો છે ?
(A) કમલા નહેરુ પ્રાણીસંગ્રહાલય (B) પ્રદ્યુમનપાર્ક પ્રાણીસંગ્રહાલય
(C) સક્કરબાગ પ્રાણીસંગ્રહાલય (D) ઈન્દ્રોડાપાર્ક પ્રાણીસંગ્રહાલય **(C)**

7 ગુજરાતના સક્કરબાગ ઝૂમાં કયા નામથી ઓળખાતી સિંહણે એક સાથે છ બચ્ચાંને જન્મ આપ્યો છે ?
(A) A-1 (B) B-1 (C) C-1 (D) D-1 **(D)**

8. ગુજરાતની કઈ કંપની દ્વારા માત્ર 7 કિલોગ્રામ વજનના અને રૂ. 50,000 જેટલી ઓછી કિંમતના વેન્ટીલેટરનું નિર્માણ કરવામાં આવ્યું છે ?
(A) જ્યોતિ CNC પ્રાઈવેટ લિમિટેડ
(B) શ્રીજી ટેક્નોલોજીસ પ્રાઈવેટ લિમિટેડ
(C) સહજાનંદ ટેક્નોલોજી પ્રાઈવેટ લિમિટેડ
(D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**

9. ગુજરાતના કયા શહેરમાં આવેલી સહજાનંદ ટેક્નોલોજીસ પ્રાઈવેટ લિમિટેડ નામની કંપની દ્વારા માત્ર 7 કિલોગ્રામ વજનના અને રૂ. 50,000 જેટલી ઓછી કિંમતના વેન્ટીલેટરનું નિર્માણ કરવામાં આવ્યું છે ?
(A) રાજકોટ (B) સુરત (C) અમદાવાદ (D) વડોદરા **(B)**

10. કોરોના સામેની લડતમાં આર્થિક સહયોગ માટે ગુજરાતના તમામ ધારાસભ્યોના પગારમાં કેટલા ટકાનો કાપ મૂકવામાં આવ્યો છે ?
(A) 20 ટકા (B) 25 ટકા (C) 30 ટકા (D) 35 ટકા **(C)**

11. કોરોના સામેની લડતમાં આર્થિક સહયોગ માટે ગુજરાતના તમામ ધારાસભ્યોના પગારમાં કેટલા સમય માટે 30 ટકાનો કાપ મૂકવામાં આવ્યો છે ?
(A) 6 મહિના (B) 1 વર્ષ (C) 2 વર્ષ (D)અનિશ્ચિત સમય સુધી **(B)**

12. કોરોના સામેની લડતમાં આર્થિક સહયોગ માટે ગુજરાત સરકારે કરેલા નિર્ણયના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. ગુજરાતમાં ધારાસભ્યોને મળતી MLA લેડ ગ્રાન્ટ 31 માર્ચ 2021 સુધી કોરોના સામેની લડત માટે વાપરવામાં આવશે.
2. ગુજરાતમાં તમામ ધારાસભ્યોને 1.5 કરોડની MLA લેડ ગ્રાન્ટ આપવામાં આવે છે.
(A) 1 અને 2 (B) ફક્ત 1
(C) ફક્ત 2 (D) બેમાંથી એકપણ નહીં **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**11 APRIL, 2020 SATURDAY**

## ➤ દિવસ મહિમા : 11 એપ્રિલ, (1) રાષ્ટ્રીય સુરક્ષિત માતૃત્વ દિવસ (2) વિશ્વ પાર્કિન્સન્સ દિવસ (World Parkinson's Day)

### વિશ્વ પાર્કિન્સન્સ દિવસ

**પાર્કિન્સન્સ** નામની બિમારી અંગે જાગૃતિ ફેલાવવા માટે સમગ્ર વિશ્વમાં દર વર્ષે **11 એપ્રિલ**ના રોજ **'વિશ્વ પાર્કિન્સન્સ દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.

- પાર્કિન્સન્સ એ **શરીરના સંતુલન** સંબંધિત ગંભીર બિમારી છે.
- જોકે, આ બિમારીના કારણો વિશે હજી સુધી ચોક્કસ માહિતી ઉપલબ્ધ થઈ શકી નથી.
- ડૉ. **જેમ્સ પાર્કિન્સન** નામના વ્યક્તિએ સૌપ્રથમ **1817**માં આ બિમારીના લક્ષણોની શોધ કરી હતી.
- આથી, તેની યાદમાં **ડૉ. જેમ્સ પાર્કિન્સન**નો **જન્મદિન 11 એપ્રિલ** 'વિશ્વ પાર્કિન્સન્સ દિવસ' તરીકે ઉજવાય છે.

**નોંધ :** ડૉ. જેમ્સ પાર્કિન્સનનો જન્મ 11 એપ્રિલ, 1755ના રોજ **બ્રિટન**માં લંડનના શોરેડિચ ખાતે થયો હતો.

### રાષ્ટ્રીય સુરક્ષિત માતૃત્વ દિવસ

ભારતમાં દર વર્ષે **11 એપ્રિલ**ના રોજ **'રાષ્ટ્રીય સુરક્ષિત માતૃત્વ દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણી કરનાર **ભારત** વિશ્વનો **પ્રથમ** દેશ છે.
- ભારતમાં પ્રસૂતિ દરમિયાન માતૃ મૃત્યુદરમાં ઘટાડો કરવા માટે જાગૃતિ ફેલાવવા આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- ભારતમાં **કસ્તૂરબા**ની યાદમાં તેમનો **જન્મદિન 11 એપ્રિલ** 'રાષ્ટ્રીય સુરક્ષિત માતૃત્વ દિવસ' તરીકે ઉજવાય છે.
- ભારતમાં આ દિવસની ઉજવણીનો પ્રારંભ વર્ષ **2003**થી થયો હતો.

**નોંધ :** **કસ્તૂરબા**નો જન્મ **11 એપ્રિલ, 1869**ના રોજ **ગુજરાત**ના **પોરબંદર** ખાતે થયો હતો.

## ➤ ભારતના વિદેશ મંત્રાલયના નવા પ્રવક્તા તરીકે શ્રી અનુરાગ શ્રીવાસ્તવની નિમણૂક

ભારતમાં **વિદેશ મંત્રાલય**ના નવા **પ્રવક્તા** તરીકે **શ્રી અનુરાગ શ્રીવાસ્તવ**ની નિમણૂક કરવામાં આવી છે.

- ભારતના વિદેશ મંત્રાલયના નવા પ્રવક્તા તરીકે શ્રી અનુરાગ શ્રીવાસ્તવ **શ્રી રવીશ કુમારનું** સ્થાન લેશે.
- શ્રી રવીશ કુમાર ઓગસ્ટ **2017**થી ભારતના વિદેશ મંત્રાલયના પ્રવક્તા હતા.
- હવે તેમના સ્થાને શ્રી અનુરાગ શ્રીવાસ્તવની નિમણૂક કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➢ લોકડાઉન 2.0ની જાહેરાત કરનાર ઓડિશા ભારતનું પ્રથમ રાજ્ય બન્યું

ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા 25 માર્ચ 2020થી 14 એપ્રિલ 2020 સુધી 21 દિવસના લોકડાઉનની જાહેરાત કરવામાં આવી હતી.

- આ લોકડાઉનની સમાપ્તિ અગાઉ જ ભારતમાં ઓડિશાના મુખ્યમંત્રી શ્રી નવીન પટનાયકે ઓડિશામાં 30 એપ્રિલ 2020 સુધી બીજા લોકાડાઉનની જાહેરાત કરી છે.
- આ સાથે જ ઓડિશા લોકડાઉન 2.0ની જાહેરાત કરનાર ભારતનું પ્રથમ રાજ્ય બની ગયું છે.
- ઓડિશા બાદ ભારતમાં પંજાબ અને રાજસ્થાનમાં પણ લોકડાઉન લંબાવવાની જાહેરાત કરવામાં આવી છે.

**નોંધ :** આ ઉપરાંત ભારતમાં રાજ્યના તમામ નાગરિકો માટે માસ્ક ફરજિયાત કરનાર પણ ઓડિશા ભારતનું પ્રથમ રાજ્ય છે.

## ➢ કોરોના મહામારી સામે લડવા માટે ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા રૂ. 15000 કરોડના ઈમરજન્સી પેકેજની મંજૂરી

COVID-19 અથવા તો કોરોના મહામારી સામે લડવા માટે ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા રૂ. 15000 કરોડના ઈમરજન્સી પેકેજની મંજૂરી આપવામાં આવી છે.

- આ 15000 કરોડ રૂપિયામાંથી COVID-19 ઈમરજન્સી રિસ્પોન્સ માટે રૂ. 7774 કરોડનો ખર્ચ કરવામાં આવશે.
- જ્યારે બાકીના રૂ. 7226 કરોડ 1 થી 4 વર્ષમાં વિવિધ સમયે જ્યારે જરૂર પડે ત્યારે ખર્ચ કરવામાં આવશે.

**નોંધ :** આ પેકેજને COVID-19 ઈમરજન્સી રિસ્પોન્સ એન્ડ હેલ્થ સિસ્ટમ પ્રિપેર્ડનેસ પેકેજ નામ આપવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ICE Questions

1. ‘રાષ્ટ્રીય સુરક્ષિત માતૃત્ત્વ દિવસ’ તરીકે ભારતમાં કયો દિવસ ઉજવાય છે ?
   (A) 10 એપ્રિલ (B) 11 એપ્રિલ (C) 12 એપ્રિલ (D) 13 એપ્રિલ — **(B)**
2. ભારતમાં કોનો જન્મદિન ‘રાષ્ટ્રીય સુરક્ષિત માતૃત્ત્વ દિવસ’ તરીકે ઉજવાય છે ?
   (A) કસ્તૂરબા (B) સુશ્રી સરોજિની નાયડુ
   (C) શ્રીમતી ઈન્દિરા ગાંધી (D) ત્રણમાંથી કોઈ નહિ — **(A)**
3. ‘વિશ્વ પાર્કિન્સન્સ દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 10 એપ્રિલ (B) 11 એપ્રિલ (C) 12 એપ્રિલ (D) 13 એપ્રિલ — **(B)**

4. ભારતના વિદેશ મંત્રાલયના નવા પ્રવક્તા તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી રવીશ કુમાર (B) શ્રી આશિષ ભારદ્વાજ
(C) શ્રી અનુરાગ ઠાકુર (D) શ્રી અનુરાગ શ્રીવાસ્તવ **(D)**

5. 14 એપ્રિલ 2020ના રોજ પૂરું થઈ રહેલું 21 દિવસનું લોકડાઉન 30 એપ્રિલ 2020 સુધી લંબાવવાનો નિર્ણય કરનાર ભારતના પ્રથમ રાજ્યનું નામ શું છે ?
(A) પંજાબ (B) રાજસ્થાન (C) ઓડિશા (D) મહારાષ્ટ્ર **(C)**

6. કોરોના મહામારી સામે લડવા માટે ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા કેટલા રૂપિયાના ઈમરજન્સી પેકેજની મંજૂરી આપવામાં આવી છે ?
(A) રૂ. 10,000 કરોડ (B) રૂ. 15,000 કરોડ
(C) રૂ. 20,000 કરોડ (D) રૂ. 25,000 કરોડ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER
## CURRENT AFFAIRS

### ગુજરાત

### ➤ ગુજરાત સરકારના કર્મચારીઓ માટે COVID-19થી મૃત્યુના કિસ્સામાં રૂ. 25 લાખની સહાયની જાહેરાત

COVID-19 અથવા તો કોરોના મહામારી સામે લડતા ગુજરાત સરકારના કર્મચારીઓ માટે ગુજરાત સરકાર દ્વારા એક અગત્યનો નિર્ણય કરવામાં આવ્યો છે. સરકારના આ નિર્ણય અનુસાર ગુજરાત સરકારના કોઈપણ કર્મચારી કે જે કોરોના વાઈરસ અંગેની કામગીરી સાથે સંકળાયેલા હોય અને કોરોના અસરગ્રસ્ત થવાથી COVID-19ને કારણે જો તેમનું અવસાન થાય તો ગુજરાત સરકાર દ્વારા આવા કર્મચારીના પરિવારને રૂ. 25 લાખની સહાય આપવામાં આવશે. ગુજરાત સરકારની સેવાના કરાર આધારિત તેમજ ફિક્સ પગારના કર્મચારી સહિત તમામ કર્મચારીઓને આ સહાયનો લાભ મળશે.

# ભારત

## ➤ 'રામાયણ'માં વાલી અને સુગ્રીવની ભૂમિકા ભજવનારા શ્રી શ્યામ સુંદરનું નિધન

ભારતમાં રામાનંદ સાગરની પ્રસિદ્ધ ટીવી સિરિયલ 'રામાયણ'માં વાલી અને સુગ્રીવની ભૂમિકા ભજવનારા શ્રી શ્યામ સુંદર કાલાનીનું હરિયાણાના કાલકા ખાતે નિધન થયું છે. તેમણે ત્રિમૂર્તિ, છૈલા બાબૂ અને હીર રાંઝા જેવી ફિલ્મોમાં પણ અભિનય કર્યો હતો. આ ઉપરાંત તેમણે 'જય હનુમાન'માં હનુમાનની ભૂમિકા પણ ભજવી હતી. તેઓ છેલ્લા કેટલાક સમયથી કેન્સરની બીમારી સામે લડી રહ્યા હતા.

## ➤ કોરોના મહામારીનો સામનો કરવા માટે દિલ્હીમાં 'ઓપરેશન શીલ્ડ'ની જાહેરાત

દિલ્હીના મુખ્યમંત્રી શ્રી અરવિંદ કેજરીવાલે કોરોના મહામારીનો સામનો કરવા માટે દિલ્હીમાં 'Operation SHIELD'ની જાહેરાત કરી છે. જેમાં SHIELDનો અર્થ થાય છે : Sealing, Home Quarantine, Isolation and Tracing, Essential Supply, Local Sanitation અને Door-to-door Checks. આ ઓપરેશનને દિલ્હીના 21 વિસ્તારોમાં લાગુ કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ભારતમાં MSME ઉદ્યોગો માટે SIDBI દ્વારા 'Safe Plus' નામની ઈમરજન્સી લોનની જાહેરાત

તાજેતરમાં ભારતમાં MSME ઉદ્યોગો માટે SIDBI દ્વારા 'Safe Plus' નામની એક ઈમરજન્સી લોનની જાહેરાત કરવામાં આવી છે. આ અંતર્ગત કોરોના વાઈરસ (COVID-19) સાથે સંબંધિત તબીબી ઉપકરણો અને તેના ઉત્પાદનનું કામ કરતાં MSME ઉદ્યોગોને રૂ. 1 કરોડ સુધીની લોન આપવામાં આવશે. SIDBIનું પૂરું નામ Small Industries Development Bank of India છે. તેની સ્થાપના 2 એપ્રિલ 1990ના રોજ થઈ હતી. તેનું વડું મથક ઉત્તરપ્રદેશના લખનૌ ખાતે આવેલું છે.

# વિશ્વ

## ➤ કોરોનાથી સર્જાયેલું આર્થિક સંકટ 1929ના અમેરિકન ગ્રેટ ડિપ્રેશન કરતાં પણ વધુ ખતરનાક હશે : IMF

1929માં અમેરિકામાં ગ્રેટ ડિપ્રેશનની સ્થિતિ સર્જાઈ હતી. જે 10 વર્ષ સુધી ચાલી હતી. અમેરિકામાં સર્જાયેલા આ ગ્રેટ ડિપ્રેશનને કારણે સમગ્ર વિશ્વમાં ભારે આર્થિક સંકટ આવી ગયું હતું. જેને કારણે વિશ્વના તમામ દેશો પાયમાલીના આરે આવીને ઊભા રહી ગયા હતા. તાજેતરમાં આવેલી કોરોના મહામારીને કારણે IMFએ વૈશ્વિક ઈકોનોમી સૌથી મોટી આર્થિક કટોકટીમાં સપડાઈ જવાનો ભય વ્યક્ત કર્યો છે. અને આ વખતનું આર્થિક સંકટ 1929ના ગ્રેટ ડિપ્રેશન કરતાં પણ વધુ ખતરનાક હશે અને વિશ્વના તમામ દેશો પાયમાલી તરફ ધકેલાશે એવી ભીતિ છે. IMFનું પૂરું નામ International Monatory Fund છે.

## ➤ ટ્વિટરના CEO જેક ડોર્સીએ કોરોના સામેના જંગમાં અત્યાર સુધીનું સૌથી મોટું દાન કર્યું

માઈક્રો બ્લોગિંગ અને સોશિયલ નેટવર્કિંગ કંપની ટ્વિટરના CEO શ્રી જેક ડોર્સીએ કોરોના સંકટ સામેની લડાઈમાં 1 અબજ ડોલરની આર્થિક સહાય કરવાની જાહેરાત કરી છે. આ રકમ તેમની સંપત્તિના 28 ટકા જેટલી થાય છે. જે કોરોના સામેના જંગમાં સહાયતા માટે અત્યાર (8 એપ્રિલ 2020) સુધીમાં થયેલું સૌથી મોટું દાન છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ICE ? Questions

➤ ગુજરાત સરકાર દ્વારા પોતાના સરકારી કર્મચારીઓ માટે કોરોના અંગેની ફરજ દરમિયાન COVID-19થી મૃત્યુના કિસ્સામાં કેટલા રૂપિયાની સહાયની જાહેરાત કરવામાં આવી છે ? – રૂ. 25 લાખ

➤ ભારતમાં રામાનંદ સાગરની પ્રસિદ્ધ ટીવી સિરિયલ 'રામાયણ'માં વાલી અને સુગ્રીવની ભૂમિકા ભજવનાર કયા વ્યક્તિનું તાજેતરમાં નિધન થયું છે ? – શ્રી શ્યામ સુંદર કાલાની

➤ 'રામાયણ'માં સુગ્રીવનું પાત્ર ભજવનાર શ્રી શ્યામ સુંદર કાલાનીનું ભારતના કયા રાજ્યમાં નિધન થયું છે ? – હરિયાણા

- કોરોના મહામારી સામે લડવા માટે ભારતના કયા રાજ્ય અથવા તો કેન્દ્ર શાસિતપ્રદેશમાં 'ઓપરેશન શિલ્ડ'ની જાહેરાત કરવામાં આવી છે ? – દિલ્હી
- ભારતમાં MSME ઉદ્યોગો માટે કઈ સંસ્થા દ્વારા 'Safe Plus' નામની ઈમરજન્સી લોનની જાહેરાત કરવામાં આવી છે ? – SIDBI
- SIDBIનું પૂરું નામ શું છે ? – Small Industries Development Bank of India
- SIDBIનું વડું મથક કયાં આવેલું છે ? – લખનૌ
- કયા વર્ષમાં અમેરિકામાં ગ્રેટ ડિપ્રેશન નામના આર્થિક સંકટની સ્થિતિ સર્જાઈ હતી ? – 1929
- ટ્વિટરના CEO દ્વારા કોરોના સામેના જંગમાં આર્થિક સહયોગ માટે કેટલા રૂપિયાનું દાન આપવાની જાહેરાત કરવામાં આવી છે ? – 1 અબજ ડોલર
- ટ્વિટરના કયા CEO દ્વારા કોરોના સામેના જંગમાં આર્થિક સહયોગ માટે 1 અબજ ડોલરની સહાય કરવાની જાહેરાત કરવામાં આવી છે ? – શ્રી જેક ડોર્સી

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. એન્ટી વાઈરસ રિસર્ચ જર્નલમાં પ્રસિદ્ધ થયેલા અહેવાલો અનુસાર કયા દેશના વૈજ્ઞાનિકોએ એન્ટી પેરાસાઈટ ડ્રગ ઈવરમેકિટનના ઉપયોગથી કોરોનાનો 48 કલાકમાં નાશ કર્યો હતો ? – ઓસ્ટ્રેલિયા

(એન્ટી પેરાસાઈટ દવા ઈવરમેકિટનનો ઉપયોગ ઝીકા, ડેંગ્યુ, HIV વગેરે જેવા રોગોમાં થાય છે.)

2. યુનાઈટેડ નેશન્સ દ્વારા 'આંતરરાષ્ટ્રીય ખાણ જાગૃતિ અને ખાણ ક્રિયામાં સહાયતા દિવસ' (International Day for Mine Awareness and Asistance in mine Action) તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ? – 4 એપ્રિલ
3. યુનાઈટેડ નેશન્સ દ્વારા 'આંતરરાષ્ટ્રીય અંતરાત્મા દિવસ' (International Day of Conscience) તરીકે કયો દિવસ ઉજવાય છે ? – 5 એપ્રિલ

4. કોરોના લોકડાઉન દરમિયાન લોકોની માનસિક તંદુરસ્તી જળવાઈ રહે તે માટે ગુજરાતની કઈ યુનિવર્સિટી દ્વારા કાઉન્સેલિંગ માટે હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે ?
– ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ

5. એપ્રિલ 2020 દરમિયાન ભારતમાં કઈ બેન્કે કોરોના પર્સનલ લોન સ્કીમ લોન્ચ કરી છે ?
– યુનિયન બેન્ક ઓફ ઈન્ડિયા

6. ગુજરાતના શ્રી મયુર પંચાલ નામના યુવાને કોરોના મહામારી સામે લડવા માટે માત્ર 12 જ કલાકમાં સેનિટાઈઝર સ્પ્રે કક્ષ તૈયાર કરીને ગુજરાતની કઈ સિવિલ હોસ્પિટલને આ કક્ષ અર્પણ કર્યો છે ? – હિંમતનગર સિવિલ હોસ્પિટલ (જિ. સાબરકાંઠા)

7. ડોક્ટર, નર્સ સહિત કોરોના સામે લડતા અન્ય સરકારી કર્મચારીઓને ભારતના કયા રાજ્યમાં ડબલ પગાર આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ? – હરિયાણા

8. કોરોના વાઈરસને કારણે કોઈ ડોક્ટરનું અવસાન થયું હોય એવો ભારતનો પ્રથમ કિસ્સો કયા શહેરમાં અથવા તો કયા રાજ્યમાં નોંધાયો છે ? – ઈન્દોર, મધ્યપ્રદેશ
(ભારતમાં મધ્યપ્રદેશના ઈન્દોર ખાતે પ્રાઈવેટ પ્રેક્ટીસ કરી રહેલા 62 વર્ષીય ડો. શત્રુઘ્ન પંજવાણીનું COVID-19ના કારણે નિધન થયું છે.)

9. સંયુક્ત રાષ્ટ્ર (UN)ના અંદાજ અનુસાર વર્ષ 2020 અથવા તો નાણાકીય વર્ષ 2020-21 દરમિયાન ભારતનો GDP વૃદ્ધિ દર કેટલા ટકા રહેવાની સંભાવના છે ? – 4.8 ટકા
(જ્યારે નાણાકીય વર્ષ 2021-22માં ભારતનો GDP વૃદ્ધિ દર 5.1 ટકા રહેવાનો યુનાઈટેડ નેશન્સનો અંદાજ છે.)

10. કઈ કંપનીના CEO શ્રી જેક ડોર્સીએ કોરોના સામેના જંગમાં આશરે રૂ. 7500 કરોડ (1 અબજ ડોલર)ની આર્થિક મદદ કરવાની જાહેરાત કરી છે ? – ટ્વિટર
(આ રકમ તેમની કુલ સંપત્તિનો લગભગ 28 ટકા જેટલો હિસ્સો ધરાવે છે.)

11. ગુજરાતના વન વિભાગ દ્વારા દર કેટલા વર્ષે કરવામાં આવતી સિંહોની વસતી ગણતરી કોરોનાના સંકટને કારણે મોકૂફ રાખવામાં આવી છે ? – પાંચ વર્ષે

12. કોરોના સંકટ દરમિયાન ઘરની બહાર નીકળતા રાજ્યના તમામ નાગરિકો માટે માસ્ક પહેરવાનું ફરજિયાત કરનાર ભારતનું પ્રથમ રાજ્ય કયું છે ? – ઓડિશા

13. કોરોના મહામારીને કારણે 6 એપ્રિલ 2020ના રોજ કયા દેશે પોતાના દેશના અનેક વિસ્તારોમાં કટોકટીની જાહેરાત કરી છે ? – જાપાન
(જાપાને ટોકિયો અને અન્ય છ વિસ્તારોમાં ઈમર્જન્સી લાગુ કરી દીધી છે.)

14. કોરોના સામે લડી રહેલા તબીબી સ્ટાફને રક્ષણ મળી રહે તે માટે ભારતની કઈ સંસ્થા દ્વારા ખાસ પ્રકારનો બાયોસૂટ તૈયાર કરવામાં આવ્યો છે ? – **DRDO**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

15. ભારતમાં કઈ જગ્યાએ આવેલા ઈન્ડિયન નેવીના નેવલ ડોકયાર્ડના સંશોધકોએ કોરોના શકમંદોને અલગ કરવા માટે રૂપિયા એક હજારથી પણ ઓછી કિંમતની ટેમ્પરેચર ગન (તાપમાન માપી શકે તેવું પોર્ટેબલ થર્મોમીટર)નું નિર્માણ કર્યું છે ? – મુંબઈ

16. કોરોના લોકડાઉન દરમિયાન ભારતમાં ડિજિટલ બેન્કિંગને પ્રોત્સાહન આપવા માટે **RBI** દ્વારા શરૂ કરવામાં આવેલા ટ્વિટર અભિયાનમાં ભારતની કઈ સેલિબ્રિટીનો સમાવેશ કરવામાં આવ્યો હતો ? – શ્રી અમિતાભ બચ્ચન

17. ભારતમાં કયા રાજ્યની સરકાર સાથે મળીને કેન્દ્ર સરકારે ‘આરોગ્ય સેતુ ઈન્ટરએક્ટિવ વોઈસ સિસ્ટમ’ **(IVRS)** સેવા શરૂ કરી છે ? – તમિલનાડુ
(ભારતમાં સ્માર્ટ ફોનનો ઉપયોગ કરતા ન હોય તેવા લોકોને **COVID-19** સામે લડવામાં સહાયતા થાય તે હેતુથી તમિલનાડુ સરકાર અને **IIT** મદ્રાસના સહયોગથી કેન્દ્ર સરકારે ‘આરોગ્ય સેતુ **IVRS**’નામની એક પહેલ શરૂ કરી છે.)

18. ‘**India COVID-19** ઈમરજન્સી રિસ્પોન્સ એન્ડ હેલ્થ સિસ્ટમ પ્રિપેર્ડનેસ પેકેજ’ અંતર્ગત કેન્દ્ર સરકારે ભારતના રાજ્યો અને કેન્દ્ર સરકારો માટે કેટલા રૂપિયાની મંજૂરી આપી છે ? – રૂ. **15,000** કરોડ

19. અમેરિકામાં યોજાનાર રાષ્ટ્રપતિની ચૂંટણીમાં શ્રી ડોનાલ્ડ ટ્રમ્પ વિરુદ્ધ ડેમોક્રેટિક પાર્ટીના ઉમેદવાર તરીકે કોના નામની જાહેરાત કરવામાં આવી છે ? – શ્રી જો બિડેન

20. ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા બેન્ક બોર્ડ બ્યૂરોના સભ્યોનો કાર્યકાળ કેટલા વર્ષ વધારવામાં આવ્યો છે ? – **2** વર્ષ

21. ભારતમાં **COVID-19** અથવા તો કોરોના મહામારી સામે લડતા પ્રથમ હરોળના ડોકટર, નર્સ, સ્વચ્છતા કર્મી, પોલીસ વગેરેની કુશળતા વધારવા માટે કેન્દ્ર સરકારના કયા મંત્રાલય દ્વારા **'iGOT'** નામનું પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે ? – માનવ સંસાધન વિકાસ મંત્રાલય

22. ભારતમાં કેન્દ્ર સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા લોન્ચ કરવામાં આવેલા **'iGOT'** પોર્ટલનું પૂરું નામ શું છે ? – **Integrated Government Online Training**

23. ભારતમાં **Food Corporation of India**ને કેન્દ્ર સરકારે **NGO**ને **OMSS** દરે અનાજ આપવાનો નિર્દેશ આપ્યો છે. આ **OMSS** શું છે ? – **Open Market Sale Scheme**
(આ સ્કીમ અંતર્ગત ઘઉંનો પ્રતિ ક્વિન્ટલ ભાવ રૂ. **2135** અને ચોખાનો પ્રતિ ક્વિન્ટલ ભાવ રૂ. **2250** છે. ભારતમાં કોરોના લોકડાઉન દરમિયાન ગરીબોને ભોજન પૂરું પાડતા **NGO** અને ધર્માદા સંસ્થાઓને આ સ્કીમ અંતર્ગત અનાજ આપવાનો સરકારે નિર્દેશ આપ્યો હતો.)

24. ભારતમાં કયા રાજ્ય અથવા તો કેન્દ્ર શાસિત પ્રદેશ દ્વારા કોરોના વાઈરસ ફેલાતો અટકાવવા માટે ‘**5 T** પ્લાન’ લોન્ચ કર્યો હતો ? – દિલ્હી
(આ **5 T Plan**માં **Testing, Tracing, Treatment, Team Work** અને **Tracking and Monitoring**નો સમાવેશ થાય છે.)

25. DRDOએ ભારતની કઈ ખાનગી કંપની સાથે મળીને COVVID-19 સામે લડતા ડોકટરો અને મેડિકલ સ્ટાફ માટે 'ફેસ શીલ્ડ' વિકસાવ્યું છે ? – વિપ્રો (Wirpo)

26. ભારતમાં સરકારી માલિકીની કંપની HLL લાઈફકેર લિમિટેડ દ્વારા COVID-19ના નિદાન માટે વિકસાવવામાં આવેલી અને માત્ર 15-20 મિનિટમાં રિઝલ્ટ આપતી એન્ટીબોડી નિદાન કીટનું બ્રાન્ડ નામ શું છે ? – મેકશ્યોર

27. કોરોના મહામારીનો સામનો કરવા માટે વિવિધ સમસ્યાઓનો ઉકેલ મેળવવા માટે ભારતમાં કેન્દ્ર સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય અને AICTEના ઈનોવેશન સેલ દ્વારા વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન ચેલેન્જનું આયોજન કરવામાં આવ્યું હતું ? – સમાધાન

28. COVID-19 મહામારી સામે લડવા માટે ભારતમાં ખાનગી ક્ષેત્ર, NGO અને આંતરરાષ્ટ્રીય સંગઠનો સાથે સમન્વય સાધવા માટે કેન્દ્ર સરકારે એક સમિતિની રચના કરી છે. આ સમિતિના અધ્યક્ષ કોણ છે ? – શ્રી અમિતાભ કાન્ત (નીતિ આયોગના CEO)

29. તાજેતરમાં શ્રી કેન શિમુરા નામના એક પ્રસિદ્ધ હાસ્ય અભિનેતાનું કોરોનાને કારણે નિધન થયું છે...તેમના દેશનું નામ શું છે ? – જાપાન

30. ઈન્શ્યોરન્સ ઓસ્ટ્રેલિયા જનરલે (IAG) ભારતની કઈ વીમા કંપનીમાંનો તેનો 26 ટકાનો હિસ્સો વેચી દીધો છે ? – SBI જનરલ ઈન્શ્યોરન્સ

31. ભારતના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા તાજેતરમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર ભારત સરકારની કઈ યોજના અંતર્ગત દેશના આશરે 50 કરોડ જેટલા નાગરિકો COVID-19ની તપાસ અને સારવાર ફીમાં કરાવી શકશે ?
– આયુષ્માન ભારત – પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના

32. તાજેતરમાં લોન્ચ કરવામાં આવેલા કોંગકોંગ, લિયાનલિયન અને ચેનચેન કઈ રમતના મેસ્કોટ (શુભંકર) છે ? – એશિયન ગેમ્સ 2022

33. 19મી એશિયન ગેમ્સ 2022 કયાં યોજાશે ? – હેંગ્ઝોઉ, ચીન

34. COID-19નો સામનો કરવા માટે 'ઓપરેશન સંજીવની' અંતર્ગત ભારતે ઈન્ડિયન એરફોર્સના હરક્યુલિસ નામના વિમાન દ્વારા કયા દેશને દવાઓ અને જીવન જરૂરિયાતની ખાદ્ય વસ્તુઓ ઉપલબ્ધ કરાવી હતી ? – માલદીવ

35. ભારતની કઈ ખાનગી બેન્કે Whatsapp પર બેન્કિંગ સેવાનો પ્રારંભ કર્યો છે ?
– ICICI Bank

36. 1 એપ્રિલ 2020ના રોજ ભારત અને કયા દેશ વચ્ચેના રાજનીતિક સંબંધોને 70 વર્ષ પૂરા થયા છે ? – ચીન

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

37. ભારતની National Investing Agency (NIA) દ્વારા તેના પ્રથમ વિદેશી કેસની તપાસ હાથ ધરવામાં આવી છે.... આ અંતર્ગત NIA દ્વારા કયા દેશના ગુરુદ્વારા પર થયેલા આતંકી હુમલાની તપાસ કરવામાં આવી રહી છે ? – અફઘાનિસ્તાન
(25 માર્ચ, 2020ના રોજ અફઘાનિસ્તાનના કાબુલમાં આવેલા એક ગુરુદ્વારામાં થયેલા આતંકી હુમલાની NIA દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.)

38. પદ્મશ્રી એવોર્ડ વિજેતા ભારતના પ્રસિદ્ધ શાસ્ત્રીય ગાયિકા સુશ્રી શાંતિ હીરાનંદ ચાવળાનું તાજેતરમાં નિધન થયું છે... તેમનો જન્મ ભારતના કયા રાજ્યમાં થયો હતો ?
– ઉત્તરપ્રદેશ

39. ભારતમાં CRPF દ્વારા દરવર્ષે કયો દિવસ 'શૌર્ય દિવસ' તરીકે ઉજવાય છે ? – 9 એપ્રિલ


## ICE CURRENT AFFAIRS LOCKDOWN નથી

# દરરોજ 5 મિનિટના 5 પ્રશ્નો સમજૂતી સાથે

"સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીની સફરમાં બહારે બધુ બંધ છે....
ચાલને ભીતરે જઈએ....
કોરોનાની મહામારીમાં રોડરસ્તા લોકડાઉન...
આપની તૈયારીનો ઉત્સાહ, ઉમંગ લોકડાઉન નથી...
લોકોની ભીડ, દુકાનો–ઓફિસો લોકડાઉન...
આપના સપનાઓ, આકાંક્ષાઓ લોકડાઉન નથી...
મંદીર, મસ્જીદ, ગુરુદ્વારા બધું જ લોકડાઉન...
પ્રભુને પ્રાર્થના, લોકસેવા, માનવતા લોકડાઉન નથી...
ઘરમાં છીએ કોરંટાઈન બહાર જાવું લોકડાઉન...
પરંતુ ICEનું કરન્ટ અફેર્સ લોકડાઉન નથી...
અમે તૈયાર છીએ આપની તૈયારીને સર્વશ્રેષ્ઠ બનાવવા માટે,
તો આપ પણ તૈયાર થઈ જાઓ કેમ કે અમે લાવી રહયા છીએ...
"ICE DAILY DOSE""




**ICE DAILY doseના Questions ડાઉનલોડ કરવા અહીં ક્લિક કરો**

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT